અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ માર્ચ ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ અગિયારસ | અંક : ૨૧૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેલંગાણામાં શ્રી ઉજ્જૈની મહાકાલી દેવસ્થાનમ ખાતે પૂજા-અર્ચના કરી હતી.

# આઈઆઈએફએલ ફાયનાન્સને નવી ગોલ્ડ લોનનું વિતરણ ન કરવાનો નિર્દેશ

## આરબીઆઈએ આ કાર્યવાહી ભારતીય રિઝર્વ બેંક એક્ટ, ૧૯૩૪ હેઠળ કરી છે, IIFL ફાયનાન્સને તાત્કાલિક અસરથી કોઈપણ ગોલ્ડ લોન મંજૂર ન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે

। નવી દિલ્હી, તા.૫ ।

ભારતીય રિઝર્વ બેંક એ IIFL ફાયનાન્સ સામે વધુ એક કડક કાર્યવાહી કરી છે. આરબીઆઈએ આઈઆઈએફએલ ફાઈનાન્સ પર ગોલ્ડ લોનનું વિતરણ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. સેન્ટ્રલ બેંકે મટીરીયલ સુપરવાઈઝરી ચિંતાઓને કારણે આ કાર્યવાહી કરી છે. જો કે, કંપની તેના હાલના ગોલ્ડ લોન પોર્ટફોલિયોને સેવા આપવાનું ચાલુ રાખશે. આરબીઆઈએ કહ્યું કે સ્પેશિયલ ઓડિટ પછી સંતોષકારક પરિણામ આવે તો IIFL ફાયનાન્સને રાહત મળી શકે છે. પેટીએમ પેમેન્ટ્સ બેંક પછી એક મહિનામાં આરબીઆઈની આ બીજી મોટી કાર્યવાહી છે. આરબીઆઈએ આ કાર્યવાહી ભારતીય રિઝર્વ બેંક એક્ટ, ૧૯૩૪ હેઠળ કરી છે. IIFL ફાયનાન્સને



તાત્કાલિક અસરથી કોઈપણ ગોલ્ડ લોન મંજૂર ન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. RBI અનુસાર, ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધી કંપનીની નાણાકીય સ્થિતિની તપાસ દરમિયાન, ગોલ્ડ લોનમાં અનિયમિતતાઓ મળી આવી છે. કંપની ગોલ્ડ લોનના વિતરણ અને હરાજી દરમિયાન સોનાની શુદ્ધતા અને વજન અંગે યોગ્ય અહેવાલો આપી રહી ન હતી. આ ઉપરાંત લોન ટુ વેલ્યુ રેશિયોનું પણ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હતું. RBI અનુસાર, IIFL ફાઈનાન્સ લોન વિતરણ અને વસૂલાત દરમિયાન પણ ધોરણો કરતાં વધુ રોકડનો ઉપયોગ કરી રહ્યું હતું. આ ઉપરાંત ગ્રાહકો પર વસૂલાતા ચાર્જ અંગે પણ પારદર્શિતા જાળવવામાં આવી નથી. આરબીઆઈએ કહ્યું કે આ તમામ પદ્ધતિઓ IIFL ફાયનાન્સના ગ્રાહકોના હિતોને અસર કરી રહી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી આરબીઆઈ કંપનીના અધિકારીઓ સાથે મળીને આ ખામીઓને દૂર કરવાનો પ્રયાસ કરી રહી હતી. પરંતુ, જ્યારે સુધારાના પરિણામો સારા ન હતા ત્યારે સેન્ટ્રલ બેંકે આ કડક પગલું ભરવું પડ્યું હતું. જો આમ કરવામાં નહીં આવે તો ગ્રાહકોને વિપરીત અસર થઈ શકે છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ આરબીઆઈ દ્વારા તેની નાણાકીય સ્થિતિના આધાhu IIFL ફાઈનાન્સનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જે પછી આ બધી ગેરરીતિઓ પ્રકાશમાં આવી હતી. આ પછી રેગ્યુલેટર દ્વારા કંપની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. આરબીઆઈ દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું હતું કે કંપની દ્વારા નિયમોની અવગણના કરવી ગ્રાહકોના હિતમાં નથી. આ માટે આરબીઆઈ વરિષ્ઠ મેનેજમેન્ટ સાથે વાતચીત કરી રહી હતી. પરંતુ તેમની તરફથી કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યા ન હતા, જેના કારણે કંપની પર બિઝનેસને લઈને નિયંત્રણો લાદવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે, અગાઉ RBI દ્વારા નિયમોનું પાલન ન કરવા બદલ પેટીએમ પેમેન્ટ બેંક સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને કંપની દ્વારા ૧૫ માર્ચ, ૨૦૨૪થી તમામ સેવાઓ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### ન્યૂઝ બ્રિફ

## રાહુલની યાત્રા જોઈને મોદી-મોદીના નારા લાગ્યા, રાહુલને બટાકા અપાયા

। (એજન્સી) ભોપાલ, તા.૫ ।

મધ્યપ્રદેશ પહોંચેલી 'ભારત જોડો ન્યાય યાત્રા'માં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી એ ફરી ભાજપના કાર્યકર્તાઓનો સામનો કરવો પડ્યો છે. એક તરફ રાહુલ ગાંધી યાત્રા સાથે આગળ વધી રહ્યા છે, તો બીજીતરફ આ યાત્રાને જોઈ ભાજપ કાર્યકર્તાઓ મોદી-મોદીના નારા લગાવી રહ્યા છે. એટલું જ નહીં જ્યારે રાહુલ સૂત્રોચ્ચાર કરનારા કાર્યકર્તાઓ પાસે જાય છે, તો તેઓ રાહુલને બટેકા આપે છે અને તેઓ લઈ પણ લે છે. આ ઉપરાંત રાહુલે રાજ્યના શાજાપુરમાં પહોંચેલી યાત્રા દરમિયાન સંબોધન પણ કર્યું હતું, જેમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રની ભાજપ સરકાર પર નિશાન સાધતાં કહ્યું કે, 'મોદી ઈચ્છે છે કે, તમે આખો દિવસ જય શ્રીરામ બોલો અને ભૂખ્યાં મરી જાવ.'હાલ કોંગ્રેસની યાત્રા અંગેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયલ થઈ રહ્યો છે.

### મુખ્ય ચૂંટણી કમિશનરે લોકસભાની ચૂંટણીને લઈને માહિતી આપી

## ચૂંટણીમાં હિંસા સહન નહીં કરાય, સરકારી બાબુઓ નિષ્પક્ષ રહે : મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે મંગળવારે પશ્ચિમ બંગાળમાં આગામી લોકસભા ચૂંટણીને લઈને કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારની હિંસા સહન કરવામાં આવશે નહીં. ચૂંટણી પંચનો મુખ્ય હેતું રાજ્યમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને હિંસામુક્ત ચૂંટણી કરાવવાનો છે. ચૂંટણીમાં ભય અથવા ડરાવવા માટે કોઈ સ્થાન નથી. સરકારી બાબુઓના પક્ષપાતી વલણને સહન કરવામાં આવશે નહીં. રાજ્યમાં પર્યાપ્ત સંખ્યામાં કેન્દ્રીય સુરક્ષા દળો તહેનાત કરવામાં આવશે' ચૂંટણી દરમિયાન હિંસા રોકવા માટે ચૂંટણી પંચ સી-વિજિલ નામની એપ્લિકેશન લોન્ચ કરવા જઈ રહ્યું છે. સી વિજિલનો અર્થ નાગરિકોની તકેદારી થાય છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે સી-વિજિલ એપની વિશેષતાઓની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'જો ચૂંટણી માટે કોઈપણ પ્રકારની અનિયમિતતા અથવા હિંસા થવાની તૈયારી કરવામાં આવી રહી છે, તો યુઝર્સઓ આ એપ દ્વારા ફરિયાદ નોંધાવી શકે છે. ૧૦૦ મિનિટમાં દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ ઉમેદવાર ગુનાહિત બેકગ્રાઉન્ડ ધરાવતો હોય તો આ એપ દ્વારા ઉમેદવારની ઓળખ કરી શકાશે અને તેની સામેના ગુનાહિત કેસોની ઓળખ કરી શકાશે. આ સાથે ઉમેદવારે તેના ગુનાહિત આરોપો અંગે ત્રણ સમાચારપત્રોમાં જાહેરાત આપવી પડશે. રાજકીય પક્ષોએ પણ તેમની વેબસાઈટ અને સમાચારપત્રો દ્વારા આમ કરવાનું રહેશે.' મહિલાઓને આગળ લાવવા અને પ્રોત્સાહન આપવા માટે રાજીવ કુમારે કહ્યું કે, 'આગામી લોકસભા ચૂંટણી માટે કેટલાક મતદાન કેન્દ્રો માત્ર મહિલાઓ દ્વારા ચલાવવામાં આવશે. તે મતદાન કેન્દ્રો પર મહિલા સુરક્ષા દળો પણ તહેનાત કરવામાં આવશે.

### ચૂંટણી આચારસંહિતા ભંગમાં અભિનેત્રીને ફરાર જાહેર કરાઈ

## પૂર્વ સાંસદ જયાપ્રદા રામપુર કોર્ટમાં હાજર થઈ, શરતી જામીન અપાયા

। (એજન્સી) રામપુર, તા.૫ ।

પૂર્વ સાંસદ અને અભિનેત્રી જયા પ્રદાને ચૂંટણી આચાર સંહિતા ભંગ સંબંધિત બે કેસમાં 'ફરાર' જાહેર કરવામાં આવ્યા હતા. હવે તેઓ ઉત્તરપ્રદેશની રામપુર કોર્ટમાં હાજર થયા હતા. પરતું કોર્ટે તેમને શરતી જામીન આપ્યા હતા. કોર્ટે જયા પ્રદા વિરુદ્ધ જાહેર કરાયેલા વોરંટને પણ પાછું ખેંચી લીધું હતું. ગઈ કાલે સોમવારે, જયા પ્રદા અચાનક કોર્ટમાં પહોંચી ગયા, ત્યાર બાદ તેઓ સુનાવણી માટે જજ સમક્ષ હાજર થાય હતા. જયા પ્રદા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રામપુર બેઠક પર ભાજપના ઉમેદવાર હતા. આ ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીના આઝમ ખાન સામે તેમની હાર થઈ હતી.

### ઈઝરાયલ-હમાસના યુધ્ધ વિરામના પ્રયાસ નિષ્ફળ

## લેબનોનથી ઈઝરાયલ પર મિસાઈલ હુમલામાં ભારતીયનું મોત, બે ઘાયલ

। (એજન્સી) જેરુસલેમ, તા.૫ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પાંચ મહિનાથી કરતા પણ વધારે સમય વીતી ગયો છે. અત્યાર સુધી બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામના પ્રયાસો સતત નિષ્ફળ રહ્યા છે. આ વચ્ચે ઈઝરાયલ ગાઝા પટ્ટીમાં હમાસ અને લેબનોનથી હિઝબુલ્લાહના હુમલાઓનો પણ સામનો કરી રહ્યું છે. મંગળવારે આવા જ એક હુમલામાં એક ભારતીયનું મોત થયું હતું. જ્યારે બે ભારતીયો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. એક સમાચાર એજન્સીએ અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે, લેબનોનથી છોડવામાં આવેલી મિસાઈલ ઈઝરાયેલના ઉત્તરીય સરહદી સમુદાય માર્ગલિયોટ નજીકના બગીચામાં પડતા કેરળના એક ભારતીય નાગરિકનું મોત થયું હતું.

### પીએમએલ-એન અને પીપીપીના ગઠબંધનથી સરકાર બની

## મોદીએ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને શુભેચ્છા પાઠવી

### વડા પ્રધાન મોદીએ ફરી એકવાર ભારત વતી પાકિસ્તાન સમક્ષ મિત્રતાનો હાથ લંબાવ્યો

। ઇસ્લામાબાદ, તા.૫ ।

પાકિસ્તાનમાં ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝ શરીફ (પીએમએલ-એન) અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના ગઠબંધન અંગે સહમતી બની હતી, જે બાદ શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડા પ્રધાન બન્યા છે. એવામાં આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શાહબાઝ શરીફને પાકિસ્તાનના વડા પ્રધાન બનવા બદલ શુભેચ્છા પાઠવી છે. વડા પ્રધાન મોદીએ ફરી એકવાર ભારત વતી પાકિસ્તાન સમક્ષ મિત્રતાનો હાથ લંબાવ્યો છે, વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શાહબાઝને અભિનંદન પાઠવ્યા છે. વડા પ્રધાન મોદીએ એક્સ પર લખ્યું કે, શાહબાઝ શરીફને પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે શપથ લેવા બદલ અભિનંદન.



નોંધનીય છે કે, ૭૨ વર્ષીય શાહબાઝ શરીફે સોમવારે પાકિસ્તાનના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. તેઓ વર્ષ ૨૦૨૨ પછી બીજી વખત દેશની કમાન સંભાળશે. નોંધનીય છે કે પાકિસ્તાન હાલ ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, એવામાં શહેબાઝ શરીફ સામે મોટા પડકારો હશે. રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ રાષ્ટ્રપતિ ભવન 'આયવાન-એ-સદર' ખાતે આયોજિત સમારોહમાં શહેબાઝને પદના શપથ લેવડાવ્યા હતા. અગાઉ સંસદ ભંગ થયા પહેલા શાહબાઝ શરીફે એપ્રિલ ૨૦૨૨ થી ઓગસ્ટ ૨૦૨૩ સુધી ગઠબંધન સરકારના વડા પ્રધાન તરીકે સેવા આપી હતી.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## મહુવા યાર્ડમાં ૧.૮૪ લાખ કટ્ટા સફેદ અને લાલ ડુંગળીની આવક

। ભાવનગર, તા.૫ ।

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૦૪ માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૦૪ માર્ચના રોજ કુલ ૧૭ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૧,૦૯,૧૯૬ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૦૦ રૂપિયાથી લઈને ૨૭૭ રૂપિયા સુધીના બોલાયા હતા. માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીની ગુણી ૭૫,૦૦૦ની આવક નોંધાઈ હતી. જેના પ્રતિ એક મણના નીચા ભાવ ૧૨૫ રૂપિયા અને ઊંચા ભાવ ૩૯૦ રૂપિયા સુધીના નોંધાયા હતા. માર્ચના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૫૫૧ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧૧૧૭ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉં ની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૪૫૦ રૂપિયાથી લઈને ૬૦૬ રૂપિયા સુધીના નોંધાયા હતા. આ ઉપરાંત બાજરીની હરાજી કરવામાં આવી હતી. બાજરીના પ્રતિ એક મણના નીચા ભાવ ૩૬૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૪૮ રૂપિયા સુધીના નોંધાયો હતો.

માર્કેટિંગ યાર્ડમાં સફેદ તલના ૨,૪૦૦ રૂપિયાથી લઈને ૨,૭૫૦ રૂપિયા સુધીના ભાવ નોંધાયા હતા. યાર્ડમાં કપાસના ૬૮ ગાસડીની આવક થઈ હતી. જેના પ્રતિ એક મણના ભાવ ૧૧૫૦ રૂપિયાથી લઈને ૧, ૪૧૦ રૂપિયા સુધીના નોંધાયા હતા. યાર્ડમાં લીલા નારિયેળના ૨૭, ૧૨૦ નંગની આવક થઈ હતી. ૧૦૦ નંગના નીચા ભાવ ૪૨૬ રૂપિયા રહ્યા હતાં. ઊંચા ભાવ ૧,૬૯૦ રૂપિયા સુધી નોંધાયા હતા.

### ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યા સામે કોર્ટે લાલ આંખ કરી છે

# ઢોરને રસ્તા પર રખડતા મૂકનારા ગૌપાલકને ત્રણ વર્ષની જેલની સજા

### ૨૦૧૯ના બનાવમાં કોર્ટે સેક્શન ૩૦૮, સેક્શન ૨૮૯ વગેરે કલમો લગાડી, ગૌપાલક સામે પશુઓની ઉપેક્ષા કરવાનો અને લોકો માટે જોખમી સ્થિતિ પેદા કરવાનો આરોપ લાગ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ગુજરાતમાં રખડતા ઢોરની સમસ્યાના કારણે કેટલાય લોકોના જીવ ગયા છે. રસ્તા પર રખડતી ગાય કે આખલાના કારણે કોઈને ઈજા થઈ હોય અથવા મોત થયું હોય તેવી ઘણી ઘટનાઓ બનતી રહે છે. જોકે, અદાલતે આ અંગે કડક વલણ અપનાવવાનું શરૂ કર્યું છે જેના કારણે જવાબદાર લોકોને સજા થઈ રહી છે. તાજેતરમાં અમદાવાદમાં એક ગૌપાલકને કોર્ટે ત્રણ વર્ષની જેલની સજા કરી છે. આ કેસની વિગત પ્રમાણે જૂન ૨૦૧૯માં સાબરમતી પોલીસ સ્ટેશન એરિયામાં રખડતા ઢોર પકડતી ટીમે બે ગાય અને ત્રણ વાછરડાને પકડ્યા હતા. આ ઢોરને વાડામાં બંધ કરી રાખવાના બદલે રોડ પર રખડતા મૂકી દેવાયા હતા. તેના કારણે આ ઢોરના માલિક હરગોવિંદ દેસાઈ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. દેસાઈ સામે સેક્શન ૩૦૮, સેક્શન ૨૮૯ વગેરે કલમો લગાડવામાં આવી હતી. તેમની સામે પશુઓની ઉપેક્ષા કરવાનો અને લોકો માટે જોખમી સ્થિતિ પેદા કરવાનો આરોપ લાગ્યો હતો. ગાયો અને વાછરડાના માલિક હરગોવિંદ દેસાઈ સામે કેસ ચાલ્યો ત્યારે સાક્ષી તરીકે બે પોલીસમેન અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બે કર્મચારીઓના નિવેદન લેવાયા હતા.

આ ઉપરાંત કેટલાક ડોક્યુમેન્ટ પણ અદાલતમાં રજૂ કરાયા હતા. આ તમામ પૂરાવાના આધારે એડિશનલ સેસન્સ જજ સારંગા વ્યાસે ઢોરના માલિક હરગોવિંદ દેસાઈને રસ્તા પર ઢોર રખડતા છોડી મૂકવાના કેસમાં દોષિત ઠરાવ્યા હતા. કોર્ટે કહ્યું કે એએમસીની ટીમે ઢોર પકડી લીધા પછી દેસાઈ કોર્પોરેશનના વાડા પર ગયો હતો અને ઢોરને છોડાવી લીધા હતા. તેના પરથી સાબિત થાય છે કે આ ગાયો અને વાછરડા તેની માલિકીના જ હતા. દેસાઈએ જ્યારે કોર્ટને સજામાં રાહત આપવાની વિનંતી કરી ત્યારે જજે કહ્યું કે રખડતા ઢોરના કારણે ઘણા બધા અકસ્માતો થાય છે. ઘણા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને સામાન્ય લોકોને તકલીફ પડે છે કારણ કે રોડ પર ઢોર ફરતા હોય છે. તેથી સમાજમાં દાખલો બેસે તે માટે આ કેસમાં મહત્તમ સજા આપવામાં આવી છે. ૨૦૧૮માં ગુજરાત હાઈકોર્ટે રખતા ઢોર અંગે કડક વલણ અપનાવ્યું ત્યારથી સિવિક ઓથોરિટી અને સિટી પોલિસનું ટેન્શન વધી ગયું છે. હાઈકોર્ટે વારંવાર સત્તાવાળાઓને ઠપકો આપ્યો છે અને રખડતા ઢોરની સમસ્યાનો નિકાલ લાવવા તથા આ અંગે કડક પગલાં લેવા ટકોર કરી છે.સત્તાવાળાઓના ઢીલા વલણના કારણે ૨૦૧૯માં હાઈકોર્ટમાં કોર્ટના તિરસ્કારની અરજી થઈ હતી. ત્યાર પછી સિવિક ઓથોરિટીએ રખડતા ઢોરને પકડવાની કામગીરી મોટા પાયે વધારી દીધી છે. હાઈકોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશનને આ મામલે અત્યાર સુધીમાં શું થયું તેનો રિપોર્ટ દર બે મહિને આપવા જણાવ્યું છે.

## પીરાણા સર્કલ પાસે ડમ્પરની ટક્કરે બાઈકચાલકનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસોથી અકસ્માતની ઘટના વધુ બની રહી છે ત્યારે આજે અમદાવાદ શહેરમાં વધુ એક અકસ્માતની ઘટનાના સમાચાર મળી રહ્યા છે જેમાં પીરાણા સર્કલ પાસે ડમ્પરે બાઈકને અડફેટે લેતા બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. રાજ્યમાં ડમ્પરચાલક દ્વારા અવારનવાર અકસ્માત સર્જવાની ઘટના પ્રકાશિત થાય છે ત્યારે આજે શહેરમાં વધુ એક ઘટનાથી એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. સૂત્રો પાસેથી મળતા સમાચાર મુજબ શહેરના પીરાણા સર્કલ પાસે પુરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરે એક બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું છે. ઘટનાને પગલે લોકોના ટોળાઓ એકઠા થયા હતા અને રોડ પર ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાયા છે. હાલ પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. થોડા દિવસો પહેલા જ ધોળકા-ખેડા હાઈવે પર પુલેન સર્કલ નજીક એક પાર્ક કરેલા ડમ્પર સાથે અચાનક જ બોલેરો કારની ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બોલેરોમાં સવાર એક મહિલા અને એક બાળક સહિત ૭ શ્રમિકોના મોત થયા હતા, જે પોતાના કામ અર્થે ધાનપુર જઈ રહ્યા હતા.જ્યારે અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા જેમને અસારવા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## ઇયળે એરંડાના પાકને કર્યું મોટું નુકસાન, ખેડુતો ચિંતિત

। મહેસાણા, તા.૫ ।

મહેસાણા જિલ્લામાં ૧,૬૪,૫૯૦ હેક્ટર જેટલી જમીનમાં શિયાળુ વાવેતર કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્તર ગુજરાતમાં સૌથી વધારે એરંડા,કપાસ અને ઘઉંનું વાવેતર થતુ હોય છે. મહેસાણા જિલ્લામાં એરંડાનું વાવેતર ખાસ કરીને ખેડૂતો વધારે કરતા હોય છે. મહેસાણા જિલ્લાના ખેડૂતો રોકડિયા પાક તરીકે ખાસ કરીને એરંડાનું જ વાવેતર કરતા હોય છે અત્યારે મહેસાણા જિલ્લાના વિસનગરનાં દેણપ ગામના ખેડૂતોને એરંડામાં જોવા મળતા કાતરા ઈયળનો ઉપદ્રવ વધી ગયો છે, જેના લીધે દેણપ ગામના લોકો અને ખેડૂતો હાલ હાલાકી ભોગવી રહ્યા છે. દેણપ ગામના ખેડૂત સુથાર રમેશભાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા મહિનાથી ગામમાં કાતરા નામની ઈયળ એરંડાના પાકમાં જોવા મળે રહી છે. જેના કારણે એરંડાના પાકનું સંપૂર્ણપણે નાશ થયો છે. ખાસ કરીને પર્ણને નુકસાન પહોંચાડે છે, જેના કારણે સંપૂર્ણ છોડ નિષ્ફળ જાય છે. અને ઉત્પાદનમાં ઘણો ઘટાડો થાય છે. આ ઈયળ તમાકુના છોડને પણ નુકસાન પહોંચાડે છે. ખેડૂતે વધુમાં જણાવ્યું હતું કે, એરંડાનો પાક એક વિઘે ૫૦ થી ૬૦ મણનું ઉત્પાદન થાય છે અને અત્યારે બજારમાં એરંડાના ભાવ ૧૧૫૦ રૂપિયા જેટલા ચાલી રહ્યા છે.

### રાજકોટ બાદ હવે જામનગરમાં દીપડાના આંટાફેરા

## જામનગરનાં દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ વ્યાપ્યો


### વન વિભાગ દ્વારા દીપડો કોઈને ઈજા કે નુકશાન પહોંચાડે તે પહેલા તેને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે

। (એજન્સી) જામનગર, તા.૫ ।

જામનગરનાં દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ વ્યાપી જવા પામ્યો હતો. આ બાબતે રહીશો દ્વારા વન વિભાગને જાણ કરતા વન વિભાગે દીપડાને શોધવાની તજવીજ હાથ ધરી છે.

જામનગર શહેરમાં મોરકંડા રોડ પરની સોસાયટીમાં દીપડો દેખાતા સ્થાનિકોમાં નાસભાગ મચી જવા પામી હતી. મોરકંડા રોડ પર સનસિટી સોસાયટી ભાગ-૨ માં દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ વ્યાપી જવા પામ્યો હતો.

વન વિભાગન જાણ કરાતા વન વિભાગ દ્વારા દીપડાને શોધવાની તજવીજ હાથ ધરી છે. વન વિભાગ દ્વારા દીપડો જે



વિસ્તારમાં દેખાયો હતો. તેને કોર્ડન કરી તે વિસ્તારમાં પાંજરા મૂકવામાં આવ્યા છે. તેમજ વન વિભાગ દ્વારા દીપડો કોઈને ઈજા કે નુકશાન પહોંચાડે તે પહેલા તેને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે. તેમજ વન વિભાગ દ્વારા રહીશોને રાત્રે એકલા બહાર ન નીકળવાની પણ સૂચના આપવામાં આવી છે. થોડા સમય અગાઉ રાજકોટમાં દીપડાથી લોકોની સુરક્ષા માટે વન વિભાગ દ્વારા મહત્વ પૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને આસ પાસનાં વિસ્તારમાં પ્રતિબંધ જાહેર કરાયો હતો. તેમજ હાલ શિયાળાની સીઝન ચાલતી હોઈ લોકો વહેલી સવારે તેમજ રાત્રે જોગિંગ કરવા નીકળતા હોઈ જોગિંગ કરવા પર પણ પ્રતિબંધ જાહેર કરાયો હતો. તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અંધારૂ હોય તો કેમ્પસમાં જવા પર પણ વન વિભાગ દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો હતો. તેમજ યુનિવર્સિટીનાં અલગ અલગ રસ્તા પર બેરીકેડ પણ મૂકવામાં આવ્યા હતા.

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અંડરપાસનું લોકાર્પણ**

## અમદાવાદમાં ધીરુભાઈ સ્વરૂપચંદ શાહ-પાલડી અંડરપાસનું લોકાર્પણ



। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

જી.એમ.આર.સી, એ.એમ.સી.અને રેલ્વે દ્વારા સહ નિર્મિત સ્વ. ધીરુભાઈ સ્વરૂપચંદ શાહ-પાલડી અંડરપાસ ૮૩ કરોડના ખર્ચે બનીને તૈયાર થયો.પાલડી અંડર પાસ પાલડી ક્રોસ રોડને લૉ ગાર્ડન સાથે જોડશે તથા આંબાવાડી, લૉ ગાર્ડન, પાલડી અને નવરંગપુરાના રહેવાસીઓ માટે સારી કનેક્ટિવિટી પ્રદાન કરવામાં મદદરૂપ થશે. પાલડી અંડર પાસની બંને બાજુની દિવાલો પર કરવામાં આવેલ આર્ટવર્કમાં અમદાવાદના કોટવિસ્તારનો વારસો અને વનસ્પતિ તથા પ્રાણીસૃષ્ટિની ઝલક પ્રદર્શિત થાય છેમુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદમાં ૮૩ કરોડના ખર્ચે. તૈયાર થયેલ જી.એમ.આર.સી, એ.એમ.સી. અને રેલ્વે દ્વારા સહ નિર્મિત શ્રી ધીરુભાઈ સ્વરૂપચંદ શાહ-પાલડી અંડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પાલડી અંડરપાસ પાલડી ક્રોસ રોડને લૉ ગાર્ડન સાથે જોડે છે તથા આંબાવાડી, લૉ ગાર્ડન, પાલડી તથા નવરંગ પુરાના રહેવાસીઓ માટે સારી કનેક્ટિવિટી પ્રદાન કરવામાં મદદ કરશે. આ અંડરપાસના કારણે અમદાવાદ-બોટાદ રેલવે લાઈનની ટ્રાફિકની સમસ્યામાં રાહત થશે.

## લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેનના જનરલ ડબ્બામાંથી નવજાત બાળકી મળી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર સોમવારે વહેલી સવારે લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેનના જનરલ ડબ્બામાં કાળા રંગની એક બેગમાં નવજાત બાળકી મળી આવી હતી. માત્ર ૨ દિવસની બાળકીને કોઈ બેગમાં બંધ કરીને જનરલ ડબ્બામાં મૂકીને જતું રહ્યું હતું. બાળકી જીવિત છે અને હાલ સિવિલમાં સારવાર હેઠળ છે. સંતાન તો મા-બાપને પોતાના જીવ કરતાં પણ વહાલું હોય છે. પણ આ કળિયુગમાં રોજે રોજ એવી ઘટનાઓ સામે આવી રહી છે કે જે માતૃત્વને જ નહીં માનવતાને પણ શરમાવી રહી છે. આવી જ વધુ એક ઘટના અમદાવાદમાં સામે આવી છે. અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર સોમવારે વહેલી સવારે લોકશક્તિ એક્સપ્રેસ ટ્રેનના જનરલ ડબ્બામાં કાળા રંગની એક બેગમાં નવજાત બાળકી મળી આવી હતી. માત્ર ૨ દિવસની બાળકીને કોઈ બેગમાં બંધ કરીને જનરલ ડબ્બામાં મૂકીને જતું રહ્યું હતું. બાળકી જીવિત છે અને હાલ સિવિલમાં સારવાર હેઠળ છે. તેની તબિયત સ્થિર છે. હાલ સમગ્ર મામલે વેસ્ટર્ન રેલવેએ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, લોકશક્તિ ટ્રેન મુંબઈના બ્રાન્દ્રા સ્ટેશનથી ઉપડે છે અને વચ્ચે અનેક સ્ટેશન આવે છે. એટલે એ અનુમાન લગાવવું મુશ્કેલ છે કે બાળકી સાથેનો થેલો ટ્રેનમાં ક્યારે મુકાયો. પણ પોલીસને શંકા છે કે અમદાવાદ અથવા તો નજીકના સ્ટેશન પર જ આ ઘટનાને અંજામ અપાયો હોઈ શકે છે. પોલીસ દ્વારા અમદાવાદ, આણંદ અને નડિયાદ સ્ટેશનના સીસીટીવી તપાસવાની કાર્યવાહી કરાશે.

## સ્ટેટ મોનિટરીંગ સેલના સપાટા બાદ પોલીસ કમિશનરનો ઠપકો

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ શહેરમાં ઠેર- ઠેર દારુ જુગારના અડ્ડા ધમધમવા લાગ્યા હતા જેની અનેક ફરિયાદો હોવા છતાં સ્થાનિક પોલીસ, ક્રાઈમ બ્રાંચ અને પીસીબી કોઈ જ કડક કાર્યવાહી કરતી ન હતી. જેથી સ્ટેટ મોનિટરીંગ સેલને ફરિયાદો મળતા તેમણે રેડો કરી દારુ અને જુગારના અડ્ડા પકડી પાડી અમદાવાદ પોલીસની પોલ ખોલી નાખી હતી. બાદમાં પોલીસ કમિશનરે ઉધડો લેતા ક્રાઈમ બ્રાંચ સફાળી જાગી છે.

**વિશેષ** | રોપડા પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે હવે શાળાની દીવાલો પણ આપશે બાળકોને જ્ઞાન


# ઓરડાની ચાર દિવાલો જ નહીં, સમગ્ર શાળા પરિસર વિદ્યાર્થીઓ માટે વર્ગખંડ બન્યું

### ગણિત, ગુજરાતી, હિન્દી, વિજ્ઞાન , પર્યાવરણ, ઇતિહાસ , રમત ગમત, સંગીત સહિત વિવિધતામાં એકતા જેવી વિવિધ થીમના ચિત્રો દ્વારા દીવાલોને સજાવાઈ

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદની દસક્રોઈ તાલુકાની રોપડા પ્રાથમિક શાળાએ શાળાના બાળકોના અભ્યાસમાં રુચિ વધારવા અને અધ્યયન અને પુનરાવર્તન ને સહજ બનાવવાના આશયથી એક નવીન ઉપક્રમ હાથ ધર્યો છે. શાળાના બાળકો અને યુથ સર્વ ફાઉન્ડેશનના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ સાથે મળીને શાળાની તમામ દિવાલોને વિવિધ શૈક્ષણિક અને મોટીવેશનલ ચિત્રો સાથે સજાવી છે.

શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે શાળા અને વર્ગખંડની દીવાલોને બોલતી કરવાના અને કેળવણી આપતી કરવાના ઉદ્દેશ સાથે યુથ સર્વ ફાઉન્ડેશનના સહયોગથી SAL એન્જિનિયરિંગ કોલેજ અને કર્ણાવતી યુનિવર્સિટીના ૧૨૦ વિધાર્થીઓએ તેમજ રોપડા શાળાના ૨૦ જેટલા બાળકોએ એક જ દિવસમાં શાળાની દીવાલો પર વિવિધ શૈક્ષણિક અને મોટીવેશનલ ચિત્રો દોરી તેમાં રંગ પૂરીને શાળાની સમગ્ર દીવાલોને બોલતી કરી હતી.









વિદ્યાર્થીઓએ સાથે મળીને ગણિત, ગુજરાતી, હિન્દી, વિજ્ઞાન , પર્યાવરણ, ઈતિહાસ, રમત ગમત , સંગીત સહિત વિવિધતામાં એકતા જેવી વિવિધ થીમ પર રંગકામ કરી સરકારી શાળાની કાયા પલટ કરી હતી. શાળાના આચાર્ય શ્રી નિશીથભાઈ અને એસ. એમ.સીના સભ્યએ આ કામગીરીમાં સાથે રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ વિવિધ થીમ આધારિત ચિત્રો દોરીને રંગ પૂર્યા હતા. જેમાં સેલ્ફી વોલ, ગણિત-વિજ્ઞાન સંજ્ઞા, શાકભાજી, ફૂલ, ફળોનાં સર્જનાત્મક આકારો, જળ ચક્ર, પતંગિયાનું જીવન ચક્ર, આહાર જાળ, વિજ્ઞાન ખંડ, હેરિટેજ અમદાવાદ ઓળખ, અટલ બ્રિજ, ચબુતરો, ભારતીય પરંપરા, ભારતની વિવિધતા, છોટા ભીમ કાર્ટૂન, વારલી આર્ટ, સર્વ-ધર્મ સમભાવ, અંગ્રેજી મૂળાક્ષરો, ઘડિયા, અંક જ્ઞાન, બારાક્ષરી વૃક્ષ, વર્ણ માળા, અંગ્રેજી સ્પેલિંગ અને કાઉન્ટીંગ, હાઈટ ચાર્ટ, જાડું પાતળું, ડૂડલ આર્ટ, જંગલના પ્રાણીઓ, સૂર્ય મંડળ, વનસ્પતિના ભાગો, વિવિધ ઓજારો, મારું ગુજરાત થીમ, અપૂર્ણાંક પટ્ટી, ભૂમિતિ અને ઘડિયાળ જેવા અનેકવિધ ચિત્રો શાળાના વિવિધ વર્ગો અને ભાગોની દીવાલો પર બનાવવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રોપડા પ્રાથમિક શાળા આ સિવાય પણ ઘણી સિદ્ધિઓ અને નવીન ઉપક્રમો દ્વારા જાણીતી બની છે. તાજેતરમાં ડિજિટલ સાક્ષરતા પ્રોજેક્ટ અંતર્ગત તુર્કીથી આવેલા કુમારી બેંગિસુ સુસારે પાંચ દિવસ સુધી શાળાની મુલાકાત લઈને શાળાના બાળકોને ડિજિટલ શિક્ષણ આપ્યું હતું. શાળાના બાળકોએ સ્કેટિંગની રમતમાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરેલી છે. સ્કેટિંગમાં ૧૦૦ જેટલા મેડલ અને ૫૦ જેટલા સર્ટિફિકેટ તથા ૨૫ જેટલી ટ્રોફી શાળાના બાળકોએ મેળવેલી છે. શાળા દ્વારા 'એક બાળ, એક વૃક્ષ' અભિગમ હેઠળ આ વર્ષે ૨૧૫૭ વૃક્ષ ઉછેરવામાં આવ્યા અને તેની માવજત કરીને ગામના વાતાવરણ ને હરિયાળું બનાવવા પ્રયત્નો કરવામાં આવ્યા.

શાળામાં બાળકો વિજ્ઞાન સાથે ગણિત વિષય રસપ્રદ રીતે ભણી શકે એ માટે સોફોસ કંપની અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગ દ્વારા 'ક્ષિતિજ સાયન્સ લેબ' શરૂ કરવામાં આવી છે. શાળામાં સ્પેસ ક્લબ અને ઈનોવેશન ક્લબ ઉપલ્બધ છે. શાળાને ઓનલાઈન સમર કેમ્પ અને શિક્ષણમાં યોગદાન સાથે નવતર અભિગમ માટે ૨ રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ પણ પ્રાપ્ત થયા છે. તાજેતરમાં મુંબઈ સ્થિત રંગોત્સવની રાષ્ટ્રીય કક્ષાની ચિત્ર સ્પર્ધામાં ૨૮ બાળકોએ વિજેતા બનીને મેડલ, ટ્રોફી, પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા છે. સાથે જ, દર વર્ષે યોજાતી અમદાવાદ ઈન્ટર સ્કુલ ડાન્સ કોમ્પીટિશન ૨૦૨૩માં શાળાના બાળકોએ ગ્રુપ ડાન્સમાં ટ્રોફી જીતી અનોખી સિદ્ધિ મેળવેલી.

**ન્યૂઝ બ્રિફ**

## જ્ઞાનવાપી કેસમાં તળગૃહના સમારકામ માટે કોર્ટની મંજુરી મગાઈ



। (એજન્સી) નવી દિલ્હી , તા.૫ ।

વારાણસી જ્ઞાનવાપી કેસમાં તળગૃહના સમારકામની માગણી કરતી અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. શ્રીકાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટના મુખ્ય કાર્યકારી અધિકારીએ જ્ઞાનવાપીના તળગૃહના સમારકામ માટે કોર્ટમાં અરજી કરી છે. વ્યાસજીના ભોંયરાનું સમારકામ કરવા કોર્ટમાં માંગણી કરવામાં આવી છે. આ અરજી જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં દાખલ કરવામાં આવી છે, જેમાં વ્યાસજીના તળગૃહ ઉપરની છત પર કોઈને જતા રોકવાની પણ માંગ કરવામાં આવી છે. શ્રીકાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટના મુખ્ય કાર્યકારી અધિકારી વિશ્વભૂષણ વતી એડવોકેટ રવિકુમાર પાંડેએ કોર્ટમાં અરજી દાખલ કરી છે. આ કેસની આગામી સુનાવણી ૧૯ માર્ચે થશે. કાશી વિદ્વત પરિષદે વ્યાસજી કા તહેખાનાને નવું નામ નામ આપ્યું હતું. આ ભોંયરું હવે તળગૃહ કે તાલગૃહ તરીકે ઓળખાય છે.

## વોટ્સએપનું થર્ડ-પાર્ટી ચેટ્સ સપોર્ટ ફીચર, યુઝર અન્ય એપ્સ પર ચેટ-મેસેજ મોકલી શકશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી મેસેજિંગ એપ વોટ્સએપ હવે દરેક વ્યક્તિની જરૂરિયાત બની ગઈ છે. અંગત અને વ્યવસાયિક જીવનમાં તેનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. લોકો વોટ્સએપ પર એક ક્લિકથી નાના-મોટા કામ કરી શકે છે. જેના કારણે તે યુઝર્સના જીવનનો એક અભિન્ન ભાગ બની ગયો છે. પોતાના યુઝર્સની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કંપની એક પછી એક અપડેટ લાવી રહી છે. જેના દ્વારા યુઝર્સની લાઈફ વધુ સરળ બની ગઈ છે. ફરી એકવાર કંપની પોતાના યુઝર્સ માટે ખાસ અપડેટ લાવી રહી છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, વોટ્સએપ થર્ડ-પાર્ટી ચેટ્સ સપોર્ટ ફીચર પર કામ કરી રહ્યું છે. આ ફીચર દ્વારા યુઝર અન્ય એપ્સ પર પણ પોતાની ચેટ અથવા મેસેજ મોકલી શકશે. વોટ્સએપના નવા ફીચર્સ આવ્યા બાદ યુઝરને ઈન્ફો સ્ક્રીન નામનો નવો વિકલ્પ મળશે.

### ધર્મશાલામાં સાતમીથી પાંચમી ટેસ્ટ મેચ

# ઈંગ્લેન્ડ સામેની પાંચમી ટેસ્ટ મેચમાં બુમરાહની વાપસી, શ્રેણીમાં ૧૭ વિકેટ

## જસપ્રીત બુમરાહની વાપસી માટે આકાશ દીપ અથવા મોહમ્મદ સિરાજમાંથી કોઈ એકને પડતા મૂકવા પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

પાંચ મેચની શ્રેણીમાં ૩-૧ની અજેય સરસાઈ મેળવનારી ભારતીય ટીમ શ્રેણીની છેલ્લી મેચમાં ઈંગ્લેન્ડ સામે ટકરાશે. બંને ટીમો વચ્ચેની આ મેચ ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં રમાશે. જસપ્રીત બુમરાહ ચોથી ટેસ્ટમાં આરામ કર્યા બાદ પ્લેઈંગ ઈલેવનમાં પરત ફરશે. બુમરાહ માટે આકાશ દીપ અથવા મોહમ્મદ સિરાજને સ્થાન બનાવવું પડશે. જસપ્રીત બુમરાહને ચોથી ટેસ્ટ



મેચમાં વર્કલોડના કારણે આરામ આપવામાં આવ્યો હતો. હવે બુમરાહ પાંચમી ટેસ્ટમાં વાપસી કરવા માટે તૈયાર છે. આ શ્રેણીમાં બુમરાહનું અત્યાર સુધીનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. ભારતીય ફાસ્ટ બોલરે ત્રણ મેચમાં ૧૭ વિકેટ પોતાના નામે કરી છે. બુમરાહની વાપસી સાથે ટીમ ઈન્ડિયાનું પેસ એટેક વધુ મજબૂત બનશે. બુમરાહની વાપસી માટે આકાશ દીપ અથવા મોહમ્મદ સિરાજમાંથી કોઈ એકને પડતા મૂકવા પડશે. જો કે, ધર્મશાલામાં ફાસ્ટ બોલરોને પિચમાંથી વધુ મદદ મળે છે, આવી સ્થિતિમાં કેપ્ટન રોહિત પણ ત્રણ ફાસ્ટ બોલરો સાથે જવાનો નિર્ણય લઈ શકે છે. જો રોહિત ત્રણ ઝડપી બોલરો સાથે જાય તો કુલદીપ યાદવને બહાર બેસવું પડી શકે છે.

### બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટને લઈને નવો વિવાદ

# અય્યર અને ઈશાનને ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ક્રિકેટને પણ પ્રાથમિકતા આપવી જોઈએ : પ્રવિણ કુમાર

## પૈસા કમાઓ, કોણ ના પાડે છે? પૈસા કમાવા જોઈએ પણ એવું ન થવું જોઈએ કે તમે ડોમેસ્ટિક ક્રિકેટ ન રમો અને દેશને મહત્વ ન આપોઃ પૂર્વ ક્રિકેટર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

શ્રેયસ અય્યર અને ઈશાન કિશનની બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બાદબાકી બાદ નવો વિવાદ ઉભો થયો છે. જેમાં પૂર્વ ક્રિકેટરો અને ચાહકોની પ્રતિક્રિયાઓ દરરોજ સામે આવી રહી છે. હવે પૂર્વ ભારતીય ક્રિકેટર પ્રવીણ કુમારની અય્યર અને કિશન વચ્ચેના વિવાદમાં એન્ટ્રી થઈ છે. પ્રવીણ કુમારે ડોમેસ્ટિક ક્રિકેટને મહત્વ ન આપવા બદલ ઈશાન અને અય્યરની ટીકા કરી છે.



પૂર્વ ક્રિકેટરનું માનવું છે કે આઈપીએલ સિવાય શ્રેયસ અય્યર અને ઈશાન કિશનને ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ક્રિકેટને પણ પ્રાથમિકતા આપવી જોઈએ. પૂર્વ ક્રિકેટર પ્રવીણ કુમારે વાતચીત દરમિયાન કહ્યું હતું કે, "હું લાંબા સમયથી આ કહેતો આવ્યો છું. પૈસા કમાઓ, કોણ ના પાડે છે? પૈસા કમાવા જોઈએ પણ એવું ન થવું જોઈએ કે તમે ડોમેસ્ટિક ક્રિકેટ ન રમો અને દેશને મહત્વ ન આપો. આ વાત હવે ખેલાડીઓના મનમાં નિશ્ચિતપણે સ્થાપિત થઈ ગઈ છે. ખેલાડીઓના મનમાં એવું થાય છે કે હું એક મહિનો આરામ કરીશ અને ફરી રમીશ અને આટલા પૈસા કેવી રીતે છોડી શકું છું. પરંતુ આ યોગ્ય વિચાર નથી. પૈસા મહત્વપૂર્ણ છે પણ એટલા પણ નહીં.




તેલંગાણાના સાંગારેડીમાં ઘાડકેસર અને લિંગમપલ્લી વચ્ચે એમએમટીએસ સુવિધાને લીલી ઝંડી બતાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

### ચીનના પીઠ્ઠુ માલદીવના રાષ્ટ્રપતિનું વિવાદાસ્પદ નિવેદન

## ૧૦મે બાદ કોઈપણ ભારતીય સૈનિક માલદીવમાં જોવા નહીં મળે : મુઈજ્જુ

। (એજન્સી) માલે, તા.૫ ।

ચીનના પીઠ્ઠુ બનેલા માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુએ ફરી વિવાદાસ્પદ નિવેદન કરી ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું છે.

તેમણે ત્યાં એક સભાને સંબોધન કરી કહ્યું કે, ૧૦ મે બાદ કોઈપણ ભારતીય સૈનિકો, એટલું જ નહીં નાગરિકો પણ કપડવામાં પણ, તેમના દેશમાં નહીં જોવા મળે.' માલદીવના સ્થાનિક સમાચાર પોર્ટલ એડિશન.એમવીના રિપોર્ટ મુજબ ચીન સમર્થક



મુઈજ્જુ એટોલની મુલાકાતે ગયા હતા, જ્યાં તેમણે બા એટોલ આઈધાફુશીમાં એક સમુદાયને સંબોધિત કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. મુઈજ્જુએ કહ્યું કે, 'અમારી સરકાર દેશમાંથી ભારતીય સૈનિકોને બહાર કાઢવામાં સફળ થઈ હોવાથી લોકો સ્થિતિને બગાડવા માટે ખોટી અફવાઓ ફેલાવી રહ્યા છે.'

### ભારતમાં ટ્રેનોની મહત્તમ ઝડપ ૧૨૦થી ૧૩૦ કિમી છે

# ચીનની મેગ્લેવ ટ્રેને પરીક્ષણમાં ૬૨૩ કિલોમીટરની ઝડપ હાંસલ કરી

## આ મેગ્લેવ ટ્રેન સુપરકન્ડક્ટિંગ ટેકનોલોજીથી ચાલતી હોવાની જાણકારી ચાઈના એરોસ્પેસ એન્ડ ઈન્ડસ્ટ્રી કોર્પોરેશને આપી

। (એજન્સી) બિજિંગ, તા.૫ ।

ભારતમાં મોટાભાગની સુપર ફાસ્ટ ટ્રેનોની મહત્તમ ઝડપ પ્રતિ કલાક ૧૨૦ થી ૧૩૦ કિલોમીટર જ છે ત્યારે ચીન પોતાની ટ્રેનોની ઝડપ વધારવા માટે જે ઝડપથી કામ કરી રહ્યુ છે તે જોઈને દુનિયા ચોંકી ઉઠી છે. ચીનમાં ઘણી હાઈ સ્પીડ ટ્રેન અથવા બુલેટ ટ્રેન તરીકે પણ



ઓળખાતી ટ્રેનો પ્રતિ કલાક ૪૦૦ કિલોમીટર ઝડપથી પણ ચાલી શકે છે. જોકે ચીનને તો આટલી ઝડપથી પણ સંતોષ નથી. ચીનની મેગ્લેવ ટ્રેન હવે રફતારનો નવો વિક્રમ સર્જયો છે. આ ટ્રેન અંગે ચાઈના એરોસ્પેસ એન્ડ ઈન્ડસ્ટ્રી કોર્પોરેશને જાણકારી આપતા કહ્યુ છે કે, મેગ્લેવ ટ્રેને ઓકટોબર ૨૦૨૩માં થયેલા પરીક્ષણમાં પ્રતિ કલાક ૩૮૭ માઈલ એટલે કે ૬૨૩ કિલોમીટરની ઝડપ હાંસલ કરી હતી. આ ટ્રેન સુપરકન્ડક્ટિંગ ટેકનોલોજીથી ચાલે છે.

### ઓલિમ્પિક ક્વાલિફિકેશન ઈવેન્ટ દરમિયાનની ઘટના

# પાકિસ્તાની બોક્સર સાથી મહિલાના પર્સમાંથી પૈસા ચોરીને ભાગી ગયો

## પાકિસ્તાનના દૂતાવાસને જાણ કરાઈ, પોલીસ ફરિયાદ કરાઈ, પાક. ખેલાડીઓ સ્વદેશ પાછા જવાનું પસંદ કરતા હોતા નથી

। (એજન્સી) પેરિસ, તા.૫ ।

પાકિસ્તાનીઓ હંમેશા કોઈ ને કોઈ કામના કારણે વિદેશમાં પોતાના દેશનું માથું નીચું કરાવતા હોય છે. તેના માટે આતંકવાદ પણ મોટો મુદ્દો છે. પાકિસ્તાની લોકો પણ દુનિયાભરમાં પોતાના દેશની છબી ખરાબ કરવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. આ દરમિયાન એક પાકિસ્તાની બોક્સરે ઈટાલીમાં આવું શરમજનક કૃત્ય કર્યું છે, જેણે



તેના દેશને શરમમાં મૂકી દીધો છે. પાંચ સભ્યોની ટીમ સાથે પાકિસ્તાની બોક્સર ઝોહૈબ રાશિદ ઓલિમ્પિક ક્વાલિફિકેશન ઈવેન્ટમાં ભાગ લેવા માટે ઈટાલી પહોંચ્યો હતો. પરંતુ આ દરમિયાન ઝોહૈબ તેની મહિલા સાથી લૌરા ઈકરામના પર્સમાંથી પૈસાની ચોરી કરી અને ભાગી ગયો. પાકિસ્તાન એમેચ્યોર બોક્સિંગ ફેડરેશને આજે આ માહિતી આપી હતી. પાકિસ્તાન બોક્સિંગ ફેડરેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે તેઓએ ઈટાલીમાં પાકિસ્તાની દૂતાવાસને આ ઘટના અંગે જાણ કરી હતી. આ અંગે પોલીસમાં ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે.

### પાકિસ્તાનમાં નવી સરકાર બાદ નેશનલ એસેમ્બલીનું સત્ર

## લોકશાહી ઢબે સરકાર ચલાવવા માટે ભારત પાસેથી ઘણું શીખવાની જરૂર છે : ગૌહર ખાન

। ઈસ્લામાબાદ, તા.૫ ।

પાકિસ્તાનમાં નવી સરકાર બન્યા બાદ નેશનલ એસેમ્બલીનુ સેશન ચાલી રહ્યુ છે અને તેમાં ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહેરિક એ ઈન્સાફના સાસંદો નવી સરકાર પર માછલા ધોઈ રહ્યા છે. પાકિસ્તાન તહેરિક એ ઈન્સાફના સાંસદ અને નેતા ગૌહર ખાને નવા પીએમ શાહબાઝ શરીફને શીખામણ આપી છે કે, લોકશાહી વ્યવસ્થા ટકાવી રાખવા માટે અને લોકશાહી ઢબે સરકાર ચલાવવા માટે ભારત પાસેથી ઘણુ શીખવાની જરૂર છે. તેમણે કહ્યુ હતુ કે, શરીફ પરિવારનુ ધ્યાન પોતાના સબંધીઓને ફાયદો પહોંચાડવા માટે છે અને તેના કારણે જરૂર ના હોય તેવા વિભાગોની પણ વહેંચણી કરાઈ છે અને કારણ વગર બેઠકો વધારી દેવાઈ છે. હુ ભારતનુ ઉદાહરણ તમારી સક્ષમ રજૂ કરૂ છુ. ભારતમાં ૧૯૭૧માં ૫૪ કરોડ વસતી હતી અને આજે ૧૪૦ કરોડ છે પણ લોકસભાની બેઠકો આજે પણ એટલી જ છે. લોકોના પૈસા બચાવવા માટે ભારતે લોકસભાની બેઠકો વધારી



નથી. જો તમારે લોકશાહીને આગળ વધારવી હોય તો તમારા લાગતા વળગતાઓને ફાયદો પહોંચાડવાનુ રાજકારણ બંધ કરવુ પડશે.

ગૌહર ખાને આગળ કહ્યુ હતુ કે, પોતાના સબંધીઓને લાભ કરાવવાની શરીફ પરિવારની નીતિના કારણે દેશ પાછળ ધકેલાયો છે અને પાકિસ્તાનમાં લોકશાહી તબાહ થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનમાં ચૂંટણી બાદ પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ ગઠબંધન સરકાર બનાવી છે. કારણકે ચૂંટણીમાં કોઈને સ્પષ્ટ બહુમતી મળી નથી. શાહબાઝ શરીફ ફરી એક વખત પાકિસ્તાનના પીએમ બન્યા છે. પીએમ પદ માટેની ચૂંટણીમાં શાહબાઝને ૨૦૧ તેમજ પાકિસ્તાન તહેરિક એ ઈન્સાફના ઉમેદવાર ઉમર અયૂબ ખાનને ૯૨ જ વોટ મળ્યા હતા.

### શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો

# સેન્સેક્સમાં ૧૯૫ અને નિફ્ટીમાં ૪૯ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો

## ટાટામોટર્સ, ભારતીએરટેલ, બજાજઓટો, ઓએનજીસી, એસબીઆઈ, સન ફાર્મા અને એનટીપીસીના શેર શેરબજારમાં ટોપ ગેનર્સ હતા

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

શેરબજારનો કારોબાર મંગળવારે નબળાઈ સાથે સમાપ્ત થયો. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો બીએસઈસેન્સેક્સ ૧૯૫ પોઈન્ટ ઘટીને ૭૩૬૭૭ પોઈન્ટના સ્તરે બંધ થયો છે, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૯ પોઈન્ટ ઘટીને ૨૨૩૫૬ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. મંગળવારે શેરબજારના કામકાજમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. શેરબજારે દિવસના કામકાજ દરમિયાન ઘણી વખત ખોટ કવર કરી હતી અને કેટલીક વખત નબળાઈ વધી હતી.

મંગળવારે શેરબજારની નબળા કામગીરીને કારણે ગૌતમ અદાણી જૂથની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી ૭ના શેર નબળાઈ સાથે બંધ થયા હતા. અદાણી ગ્રીન, અદાણી એનર્જી સોલ્યુશન અને અદાણી પાવરના શેર નજીવા ઉછાળા પર બંધ થવામાં સફળ રહ્યા હતા.



મંગળવારે શેરબજારમાં નબળાઈ વચ્ચે નિફ્ટી બેંક, નિફ્ટી ઓટો અને નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં વધારો નોંધાયો હતો. મંગળવારે નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસ ઈન્ડેક્સ નબળાઈ પર બંધ થયા હતા. ટાટા મોટર્સ, ભારતી એરટેલ, બજાજ ઓટો, ઓએનજીસી, એસબીઆઈ, સન ફાર્મા અને એનટીપીસીના શેર શેરબજારમાં ટોપ ગેનર્સની યાદીમાં સામેલ હતા. બજાજ ફિનસર્વ, બજાજ ફાઈનાન્સ, નેસ્લે, એસબીઆઈ લાઈફ, ઈન્ફોસિસ, ટીસીએસ અને એલટીઆઈ માઈન્ડ ટ્રીના શેર મંગળવારે શેરબજારના ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતા. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો મંગળવારે ગાર્ડન રીચ શિપ બિલ્ડર, મુથૂટ ફાઈનાન્સ, દેવયાની ઈન્ટરનેશનલ, ફેડરલ બેંક, મારુતિ સુઝુકી અને એચડીએફસીબેંકના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે SBI કાર્ડ, આઈઆરસીટીસી, આઈસીઆસીઆઈબેંકના શેરમાં નબળાઈ જોવા મળી હતી. એક્સિસ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ફોસિસ અને પતંજલિ ફૂડ્સ વગેરેના શેરમાં નોંધાઈ હતી. ઈન્ડિયન ઓઈલ, સ્પાઈસજેટ, ગેઈલ, સાઉથ ઈન્ડિયન બેંક અને પંજાબ નેશનલ બેંકના શેર પણ મંગળવારે વધ્યા હતા. આવાસ ફિનાન્સિયર,ટીમકેન ઈન્ડિયાઅને કેઆરબીએલના શેર ૫૨-સપ્તાહની નીચી સપાટીએ પહોંચી ગયા છે.

### ઈલોન મસ્કે ટ્વીટર ખરીદ્યા બાદ કેટલાક અધિકારીઓને બરતરફ કર્યા હતા

## ટ્વીટરના પૂર્વ સીઈઓ પરાગ સહિતના અધિકારીઓનો ઈલોન મસ્ક સામે ૧૨૮ મિલિયન ડોલરનો દાવો




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

ટ્વિટરના પૂર્વ સીઈઓ પરાગ અગ્રવાલ સહિત ચાર પૂર્વ ટોચના અધિકારીઓએ ઈલોન મસ્ક સામે ૧૨૮ મિલિયન ડૉલરથી વધુનો દાવો માંડ્યો છે. સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઈલોન મસ્ક વિરુદ્ધ કાર્યવાહી કરી રહેલા અન્ય લોકોમાં ટ્વિટરના પૂર્વ ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર નેડ સેગલ, પૂર્વ લીગલ ચીફ ઓફિસર વિજયા ગડ્ડે અને પૂર્વ જનરલ કાઉન્સેલ સીન એજેટના નામનો સમાવેશ થાય છે. ઈલોન મસ્કે એક્સ (અગાઉનું ટ્વિટર) હસ્તગત કર્યા પછી આ અધિકારીઓને બરતરફ કર્યા હતા.

મસ્કે કામમાં બેદરકારી અને ગેરવર્તણૂક બદલ અધિકારીઓને બરતરફ કર્યા હતા. જોકે, આ અધિકારીઓએ મસ્કના આરોપોને નકારી કાઢ્યા હતા. કેલિફોર્નિયાની યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ઈલોન મસ્ક વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે એક્સના પૂર્વ ટોચના અધિકારીઓના કરારમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે નોકરીમાંથી કાઢી મૂક્યા પછી તેઓને અલગ પગાર આપવામાં આવશે. આવી સ્થિતિમાં એક્સ (અગાઉ ટ્વિટર)માંથી કાઢી મૂક્યા પછી અધિકારીઓને અલગથી પગાર મળવો જોઈતો હતો. નોંધનીય છે કે ઈલોન મસ્ક અને ટ્વિટર વચ્ચેની ડીલની ખૂબ ચર્ચા થઈ હતી. જો કે, ઘણા વિવાદો પછી, વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે ૨૮ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરની કમાન સંપૂર્ણપણે સંભાળી લીધી હતી. આ ડીલ લગભગ ૪૪ બિલિયન ડોલરમાં થઈ હતી.

# તંત્રી લેખ...

## અબુધાબીનું BAPS હિંદુ મંદિર ભક્તો માટે ખોલવામાં આવ્યું

૬૫,૦૦૦ થી વધુ યાત્રાળુઓએ અબુ ધાબીમાં BAPS હિન્દુ મંદિરની મુલાકાત લીધી હતી. કારણ કે આ પહેલો રવિવાર હતો જ્યારે તેને લોકો માટે ખોલવામાં આવ્યો હતો. મંદિર ખુલતાની સાથે જ સવારે ૪૦ હજારથી વધુ પ્રવાસીઓ બસો અને વાહનોમાં આવ્યા હતા અને પ્રાર્થના કરી હતી. સાંજે અહીં ૨૫ હજારથી વધુ લોકોએ પૂજા-અર્ચના કરી હતી. હકીકતમાં, માહિતી અનુસાર, પ્રથમ દિવસે સવારે ૪૦,૦૦૦ અને સાંજે ૨૫,૦૦૦ થી વધુ લોકો નમાજ અદા કરવા માટે બસો અને વાહનોમાં આવ્યા હતા અને ભારે ભીડ હોવા છતાં, લોકો કોઈપણ ધક્કા વિના કતારમાં ધીરજપૂર્વક ઉભા રહ્યા હતા. દિવસના અંતે, ૬૫,૦૦૦ થી વધુ લોકોએ મંદિરની મુલાકાત લીધી હતી અને પ્રાર્થના કરી હતી. મંદિરની મુલાકાતે આવેલા ભક્તોએ આ અંગે ખુશી વ્યક્ત કરી હતી અને BAPS સ્વયંસેવકો અને મંદિરના કર્મચારીઓની વ્યવસ્થાપનની પ્રશંસા કરી હતી. આ અવસરે અબુ ધાબીના સુમંત રાયે કહ્યું કે, હજારો લોકોની વચ્ચે મેં આટલો અદભૂત ઓર્ડર ક્યારેય જોયો નથી. મને ચિંતા હતી કે મારે કલાકો સુધી રાહ જોવી પડશે અને શાંતિથી દર્શન કરી શકીશું નહીં, પરંતુ અમે અદ્ભુત દર્શન કર્યા અને અત્યંત સંતુષ્ટ થયા. તમામ BAPS સ્વયંસેવકો અને મંદિરના કર્મચારીઓને સલામ. લંડનની અન્ય એક યાત્રાળુ પ્રવીણા શાહે પણ મંદિરની મુલાકાતનો તેમનો અનુભવ શેર કર્યો હતો અને કહ્યું હતું કે હું અપંગ છું અને હજારો મુલાકાતીઓ હોવા છતાં સ્ટાફ દ્વારા કરવામાં આવતી કાળજી વખાણવાલાયક હતી. હું લોકોના ટોળાને એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં શાંતિથી જતા જોઈ શકતો હતો. તેણે કહ્યું કે મને લાગતું હતું કે હું લોકોની ભીડમાં ખોવાઈ જઈશ, પરંતુ આ સફર કેટલી સારી રીતે મેનેજ કરવામાં આવી તે જોઈને મને આશ્ચર્ય થયું. કેરળના બાલચંદ્રએ કહ્યું કે તેઓ દર્શન માટે તેમની આગામી મુલાકાત સુધી રાહ જોઈ શકતા નથી. નિવેદન અનુસાર, અભિષેક અને આરતીની ધાર્મિક વિધિઓમાં ભાગ લેવાની ઉત્તેજનાથી ઘણા લોકો ભાવનાત્મક બની ગયા કારણ કે તેઓ શાંતિ અનુભવે છે. મંદિરની જટિલ વાસ્તુકલા જોઈને ઘણા લોકો આશ્ચર્યચકિત પણ થયા હતા. મુલાકાતીઓ દ્વારા પહેરવામાં આવેલા કપડાંના વાઈબ્રન્ટ રંગોએ તહેવારના વાતાવરણમાં રંગોનો સાગર ઉભો કર્યો હતો.

## આગામી ૧૦ દિવસમાં પીએમ મોદી ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૯ કાર્યક્રમોમાં ભાગ લેશે

લોકસભા ચૂંટણી માટે હજુ સુધી કોઈ ઔપચારિક જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ભારતીય જનતા પાર્ટી (BJP) સત્તાની હેટ્રિક હાંસલ કરવા અને ૩૭૦ બેઠકો જીતવાનો પ્રયાસ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે ઉત્તરથી દક્ષિણ એટલે કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી ‘મોદી ગેરંટી’ની રાજકીય પીચ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. PM મોદી સોમવારથી આગામી ૧૦ દિવસમાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનો તોફાની પ્રવાસ શરૂ કરી રહ્યા છે, જ્યાં તેઓ વિકાસની ભેટ આપીને લોકસભા ચૂંટણીના સમીકરણને ભાજપની તરફેણમાં બદલવાનો પ્રયાસ કરતા જોવા મળશે.

આ દિવસોમાં વડાપ્રધાન મોદી દેશભરના વિવિધ રાજ્યોનો પ્રવાસ કરી રહ્યા છે અને લાખો-કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન પણ કરી રહ્યા છે. આ રીતે તેઓ લોકસભા ચૂંટણી પહેલા રાજ્યોને વિકાસની ભેટ આપીને આશીર્વાદ આપી રહ્યા છે. હવે આગામી ૧૦ દિવસમાં પીએમ મોદી ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૯ કાર્યક્રમોમાં ભાગ લેશે. આ સમયગાળા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેલંગાણા, તમિલનાડુ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, બિહાર, જમ્મુ અને કાશ્મીર, આસામ, અરુણાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને રાજસ્થાનની મુલાકાત લેશે. આ સિવાય તેઓ દિલ્હીમાં એક કાર્યક્રમમાં પણ ભાગ લેશે.

પીએમ મોદી આજે તેલંગાણાથી તેમના પ્રવાસની શરૂઆત કરી રહ્યા છે. વડાપ્રધાન તેલંગાણાના આદિલાબાદમાં રૂ. ૫૬,૦૦૦ કરોડના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પછી પીએમ મોદી અદિલાબાદમાં જનસભાને પણ સંબોધિત કરશે. આ પછી તે તમિલનાડુ પણ જશે. આ દરમિયાન તેઓ કલ્પક્કમમાં ભારતીય પરમાણુ ઉર્જા નિગમના એક કાર્યક્રમમાં હાજરી આપશે અને સાંજે ચેન્નાઈમાં એક જાહેર સભાને પણ સંબોધશે. PM આવતીકાલે મંગળવારે સાંગારેડીમાં અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે અને એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. તમિલનાડુમાં ભાજપ પાસે એક પણ બેઠક નથી, જ્યારે તેલંગાણામાં તેના ચાર લોકસભા સાંસદો છે. આ વર્ષે પીએમ મોદીની તેલંગાણાની આ બીજી મુલાકાત છે જ્યારે તમિલનાડુની તેમની ચોથી મુલાકાત હશે. તેલંગાણામાં લોકસભાની ૧૭ અને તમિલનાડુમાં ૩૯ લોકસભા બેઠકો છે. આ બે દક્ષિણ રાજ્યો ભાજપના લક્ષ્યાંક ૩૭૦ અને એનડીએના ૪૦૦ના લક્ષ્યાંકની દ્રષ્ટિએ ખૂબ જ મહત્વપૂર્ણ છે, જ્યાં વિપક્ષી પાર્ટીઓ સત્તામાં છે. ભાજપ માટે સૌથી મોટો પડકાર તમિલનાડુમાં છે, જ્યાં તેને ૨૦૧૯માં માત્ર સાડા ત્રણ ટકા વોટ મળ્યા હતા. તેલંગાણામાં ભાજપનો રાજકીય ગ્રાફ લોકસભા ચૂંટણીમાં વધ્યો હતો, પરંતુ વિધાનસભામાં કોંગ્રેસની વાપસીથી તેમાં ઘટાડો થયો છે. એટલા માટે પીએમ મોદી વ્યાપક પ્રવાસ કરીને ભાજપ માટે રાજકીય પીચ તૈયાર કરવામાં વ્યસ્ત છે, પરંતુ જોવાનું એ રહે છે કે લોકસભાની ચૂંટણીમાં રાજકીય સમીકરણ કેટલું બદલાય છે?

દક્ષિણ ભારતમાં બે દિવસ વિતાવ્યા પછી, પીએમ મોદી મંગળવારે જ ઓડિશા પહોંચશે, જ્યાં તેઓ ચંદીખોલ જાજપુરમાં પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે તેમજ જાહેર સભાને સંબોધશે. PM મોદી બુધવાર, ૬ માર્ચના રોજ કોલકાતામાં અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન, ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ રીતે ઓડિશા અને બંગાળ બંને રાજ્યમાં વિકાસની ભેટને સંતુલિત કરવાનો પ્રયાસ કરતા જોવા મળશે. ૧૦ માર્ચે પીએમ મોદી પશ્ચિમ બંગાળની તેમની ત્રીજી મુલાકાત કરશે. બંગાળના સિલીગુડીમાં ઘણી વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન, ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પછી તેઓ એક જનસભાને પણ સંબોધિત કરશે. પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપે બંગાળ અને ઓડિશામાં પોતાનો રાજકીય આધાર વધાર્યો છે, પરંતુ ક્ષત્રપના વર્ચસ્વને કારણે તે પોતાના મૂળ સ્થાપિત કરી શકી નથી. ઓડિશામાં નવીન પટનાયક અને બંગાળમાં મમતા બેનર્જી ભાજપ માટે મોટો પડકાર છે. પશ્ચિમ બંગાળમાં ૪૨ લોકસભા બેઠકો છે જ્યારે ઓડિશામાં ૨૧ લોકસભા બેઠકો છે.

**બીજી પેઢી સુધી આ સંસ્કાર ઉતર્યા હતાં, એટલે કે દીકરા, દીકરી, અને તેમની વહુ દર મહિને અગિયારસ તેમજ સોમવારના ઉપવાસ રાખતાં**

# ઉપવાસ એકટાણા કે પૂજન અર્ચનને જ ધર્મ થોડો કહેવાય! એવું બિલકુલ ન હોય!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભક્તિ પણ એવી હતી મહિના મહિનાના ઉપવાસ હજી આ ઉંમરે તે કરી શકતાં હતાં, અને એ પણ ચાર ટંક ખાઇને નહીં, કોકવાર તો માત્ર ફળ લેતાં, અને કોઈવાર દૂધ. આકરા તપ અને સંયમથી જ જાત પવિત્ર થાય છે, તેવું તેમનું સ્પષ્ટપણે માનવું હતું**

જયા બાએ શિવરાત્રીનાં તહેવાર નિમિત્તે બધાએ ફરજિયાત ઉપવાસ કરવાનો છે, એવું ફરમાન ફરમાવી દીધું હતું. જયાબાનું ઘરમાં બહુ જ વર્ચસ્વ હતું, અને આજ્ઞાકારી દીકરાઓ તેમનો પડ્યો બોલ ઝીલતા હતાં. તેમની ભક્તિ પણ એવી હતી મહિના મહિનાના ઉપવાસ હજી આ ઉંમરે તે કરી શકતાં હતાં, અને એ પણ ચાર ટંક ખાઈને નહીં, કોકવાર તો માત્ર ફળ લેતાં, અને કોઈવાર દૂધ. આકરા તપ અને સંયમથી જ જાત પવિત્ર થાય છે, તેવું તેમનું સ્પષ્ટપણે માનવું હતું. બીજી પેઢી સુધી આ સંસ્કાર ઉતર્યા હતાં, એટલે કે દીકરા, દીકરી, અને તેમની વહુ દર મહિને અગિયારસ તેમજ સોમવારના ઉપવાસ રાખતાં. પરંતુ પોતાના પૌત્ર પૌત્રીએ આવાં વ્રતમાં નાદારી નોંધાવી દીધી હતી, કે દાદી અમે તો આવું નહીં જ કરીએ.! જયાબા એ પણ પરિવર્તનના નામે આ સત્ય સ્વીકારી લીધું હતું, પરંતુ આ વખતે જ્યોતિષો તેમજ સલાહ કરનારા મહારાજે કહ્યું હતું કે આ વખતની શિવરાત્રીનો સંયોગ બહુ જ દુર્લભ છે, અને કેટલાય વર્ષે આવો જ સંયોગ થયો છે. એટલે બધાએ વ્રત કરવું તો તેનો અનેરો લાભ પણ થાય, અને આ વાત સાંભળ્યા પછી જયાબાએ આ ફરમાન કરી દીધું હતું. ત્રણ દીકરા અને ત્રણ વહું, તેમજ એક કુવારી દીકરી.ત્રણે દીકરાને ત્યાં બે સંતાનો દીકરા પછી લગભગ નવ વર્ષે દીકરી આવી હોવાથી, પલ્લવી હજી માસ્ટર એજ્યુકેશન મેળવતી હતી, અને દીકરાના સંતાનો માંથી નાના દિકરાના બંને સંતાન એટલે કે વેદ અને વાણી હજી હાઈસ્કૂલમાં ભણતા હતાં. જ્યારે મોટા દીકરાનાં બંને દિકરા સૌરભ ને સૌમિલ કોલેજનાં છેલ્લા વર્ષમાં અને વચ્ચેનાં દીકરાના આ વર્ષે જ કોલેજમાં આવ્યાં હતાં. બધા જ સંતાનો વિચારતા હતા કે દાદીને કઈ રીતે સમજાવવા, અને જાન્હવી બોલી કે સામો સાબુદાણા રાજગરો થૂથૂથૂ..એટલે એ લોકો સંસ્કારી નહોતાં એવું નહોતું. પણ તેમના આ બાબતે મત જુદા પડતા હતાં. ધર્મ એટલે શું ? ઉપવાસ એકટાણા કે પૂજા અર્ચનને જ ધર્મ થોડો કહેવાય! એવું ન હોય! આ વાત તે લોકો સ્પષ્ટપણે માનતા હતાં, અને જાન્હવી તો અત્યારથી જ એક ઓર્ગેનાઈઝેશન સાથે જોડાયેલી હતી, જે સંસ્થા ચેરિટી રુપે મળતા નાણાં માંથી સોશ્યલ વર્ક કરતી હતી. શિવરાત્રીનો દિવસ આવી ગયો અને જયાબાના કહેવા અનુસાર ઘરનાં એ શિવરાત્રીનો ઉપવાસ કર્યો હતો, અને જયાબા શિવરાત્રીના માહાત્મ્યની કથા વાંચતા હતાં. તેમજ પંડિતને બોલાવી રુદ્રીના પાઠ પણ કર્યો હતો, તેમણે શિવલિંગ પર રુદ્રાભિષેક કરવા માટે પાંચ લિટર ગાયનું દૂધ પણ મંગાવ્યું હતું, અને ઘરના દરેક સદસ્યોએ ગાયના દૂધનો અભિષેક શિવલિંગ પર કરવાનો હતો. જાન્હવી એ વિચાર્યું કે પાંચ લિટર દૂધ આ રીતે વેસ્ટ જશે, અને આવું તો આજે ઠેર-ઠેર જોવા મળશે. દરેક શિવાલયોમાં શિવશંકરના ખૂબ ભક્તો ઉમટી પડશે, અને અભિષેકને નામે કેટલુંય



દૂધ તેની પર ચઢાવશે! નથી કોઈ એ શંકરને પૂછ્યું કે તમને દૂધ ચઢાવવું કે નહીં! કે કોઈ ગરીબના બાળકને પૂછ્યું કે તમને દૂધ જોઈએ છે! બસ આ રીતે એક પરંપરાના નામે કેટલા બધા દૂધનો બગાડ થશે. અચાનક એને એક બહુ જ સુંદર વિચાર આવ્યો, અને તેણે તે વિચાર અમલમાં મૂકવાનું વિચાર્યું.

એને પોતાના ઓર્ગેનાઈઝેશનમાં વાત કરી કે આપણે ૧૦૦ સભ્યો છીએ, અને આપણા શહેરમાં શંકરમાં મોટા ગણી શકાય એવા ૧૦ મંદિર છે, ૧૦ જણાની ૧૦ ટુકડી બનાવી અને આપણે દરેક મંદિર આગળ ઉભા રહેવાનું છે, અને જે ભક્તો દૂધ લઈને આવે તેને અમુક જણાં સમજાવી અને અભિષેકનું દૂધ ગરીબ બાળકોમાં વેંચવાની સલાહ આપે, અને જો ન માને તો બીજા મેમ્બરો મંદિરના પૂજારી સાથે વાતચીત કરી અથવા તો જે શિવલિંગ પર દૂધ ચઢાવવામાં આવે છે, ત્યાં થોડું ચડાવી અને બાજુમાં ડોલ રાખવામાં આવે, તો એ રીતે ઘણું દૂધ આજે આપણે ગરીબ અને અનાથ બાળકો માં વેચી શકીએ તેમ છીએ. અભિષેક ના નામે રૂપિયા પણ મંદિર વાળા લેતા હોય છે, તો એ રીતે લોકોને ચેરિટી કરવાનું પણ સમજાવી શકાય, અને એ રૂપિયામાંથી ગરીબોની મદદ થઈ શકે. જેમ કે હવે શિયાળો પૂરો થયો છે, અને ઉનાળો શરૂ થશે. તો આવી ગરમીમાં પગમાં સ્લીપર પહેર્યા વગર કામે જનારાને સ્લીપર અપાવી શકાય, ગરમીની ઋતુમાં દ્રાક્ષ, તરબૂચ, કેરીનો રસ, ઠંડા પીણાં, કે મીલ્ક શેઈક, આઈસ્ક્રીમ, વહેંચી શકાય. આ વાત તેના ઓર્ગેનાઈઝેશન વાળા બધા સભ્યોને એકદમ વ્યાજબી લાગી અને ૧૦ શિવ શંકરના મંદિર એ પહોંચી ગયાં. નક્કી થયા મુજબ બધા મંદિરે આવનારા ભક્તો ને સમજાવતા હતાં, કે ભગવાન શિવ રુદ્રાભિષેક રાજી થાય છે, એ વાત સાચી, પણ આટલું બધું દૂધ આ રીતે વેસ્ટ જાય એના કરતાં કોઈ ગરીબના બાળકોને જો આ દૂધ મળી જાય તો, સમાજની કુપોષણની જ સૌથી મોટી સમસ્યા છે, એ દૂર થઈ જાય. મંદિરોમાં આ રીતે મૂર્તિ દૂધ ચડાવવામાં આવે તો કોઈ પણ પ્રકારનો ચડાવો એ અંતે તો ભાવને રજૂ કરવાની એક રીત છે, આજ વાત આપણે શુ ભાવથી ભગવાન શંકરને સંકલ્પ કરીને, એટલું દાન-ધર્મ ગરીબ ગુરબાને કરવામાં આવે તો ભગવાન શંકર પણ કદાચ વધુ રાજી થાય. કારણ કે તે તો અનાથનો નાથ કહેવાય છે, અને આ રીતે બધી ટીમે જી જાનથી ખૂબ મહેનત કરી, અને સવારના લગભગ આઠ વાગ્યાથી ઉભેલા આ વિદ્યાર્થીઓ લગભગ સાંજના છ વાગ્યા સુધી બધા મંદિરે આવતા ભક્તોને સમજાવતા રહ્યાં,અને એમણે આશરે ૭૦૦ લીટર જેટલું દૂધ ગરીબોમાં વહેંચ્યું, અને એ ઉપરાંત જે રોકડ રકમ ભેગી થઈ એમાંથી પણ ગરીબ લોકોની જરૂરિયાત મુજબ વસ્તુ ઓ આપી અને એ રીતે શિવરાત્રીનો તહેવાર ઉજવ્યો.

સાંજે થાકી પાકી જ્યારે જાન્હવી ઘરે આવી ત્યારે, જયા બાએ મોઢું બગાડ્યું, અને કંઇ કેટલુંય સંભળાવ્યું, કે એક ઉપવાસ કરવાનું કહ્યું હતું, અને એ પણ તમારા લોકોના સારા માટે કરવાનો હતો છતાં થયો નહીં. જાન્હવી કંઈ પણ બોલ્યાં વગર પોતાના રૂમમાં જતી રહી, અને ફ્રેશ થઈને આવ્યા બાદ એ કિચનમાં ગઈ, અને જોયું તો બધું ફરાળી જ આઈટમ હતી. એને ખરેખર આ બધી અતિ ઓઈલી વાનગીઓ ભાવતી નહોતી.એણે વિચાર્યું કે આમ પણ દાદી નારાજ છે, અને મેગી પાસ્તા બનાવીશ તો વાતનું વતેસર થશે, એટલે એવું કંઈ કરવું નથી, અને એવું વિચારી એણે બે કેળા ખાધાં અને દૂધ પીને સૂઈ ગઈ. કેટલીય વાર થઈ પણ કિચનમાં થી કોઈ સુગંધ આવી નહીં, એટલે જયાબા જોવા આવ્યાં તો જાન્હવી સૂઈ ગઈ હતી.

બીજે દિવસે જાન્હવી એ પોતાના ટીમ વર્કની વાત દાદીને કરી, અને કહ્યું કે દાદી ૭૦૦ લીટર જેટલું દૂધ, અને પંદર હજાર રોકડા રૂપિયા દાન પેટે મળ્યાં. દાદી બીજી તમને ગમતી એક વાત કહું!! અમારા આખાં ઓર્ગેનાઈઝેશન એ શિવરાત્રીનો ઉપવાસ કર્યો, અને એ પણ નકોરડો, કોઈ એ લગભગ કંઈ ખાધું નથી. એ લોકો એ ઘરે ગયા પછી કંઈક ખાધું હોય તો ખબર નહીં, પણ મેં તો બે કેળા અને માત્ર એક કપ દૂધ! જાન્હવીના ટીમ વર્કની વાતથી દાદી ખૂબ જ પ્રભાવિત થયા, અને પૌત્રીને ભેટી પડ્યા. થોડીવાર પછી દાદી એટલે કે જયા બાએ પૂછ્યું કે આવો વિચાર તને આવ્યો કંઈ રીતે? જાન્હવી એ કહ્યું કે દાદી એકવખત તમારી સાથે શંકરનાં મંદિરે આવી હતી, ત્યારે મંદિરની બહાર નીકળતા ખાળ પાસે કેટલાય ગરીબ બાળકોને મોઢું રાખી દૂધ પીતા જોયા હતા. ગઈ કાલે જ્યારે તમે પાંચ લીટર દૂધ મંગાવ્યું ત્યારે એ દ્રશ્ય તરત યાદ આવી ગયું,અને એમાંથી આ કાર્ય થયું. જયા બા એ અફસોસ કર્યા કે ૭૦૫ લીટર દૂધ તમને મળી શકત પણ મારી અંધશ્રદ્ધા ને કારણે... ત્યાં જ જાન્હવીની મમ્મી એટલે કે જ્યોતિકા એ કહ્યું બા પાંચ નહીં અઢી લીટર જ !! બા એ કહ્યું એમ કેમ ! એણે કહ્યું મેં એમાં ભગવાન ની માફી માંગી ને પાણી મેળવ્યું, અને એ દૂધ શ્યામલીનાં દીકરા માટે આપી દીધું. જયા બા એ કહ્યું મા દીકરી બંને એ સાચી શંકરની ભક્તિ કરી, કારણ કે શંકર એટલે કલ્યાણ અને તમે બંને એ ગરીબોના કલ્યાણનું વિચાર્યું જે પણ પૂજા જ છે.

**આકારએ કિંમતી વસ્તુ નથી, સોનું એ કિંમતી વસ્તુ છે, કિંમત સોનાની મળે છે, આકારની નહીં, માટે મૂળ પદાર્થને જુઓ**

# જે વસ્તુનું મન વારંવાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ગૃહસ્થાશ્રમ ભક્તિમાં બાધક નથી પણ સાધક છે, બાધક છે ગૃહા સક્તિ, ગૃહસ્થાશ્રમ કામાસક્તિ, દ્રવ્યાસક્તિ, વિષયાસક્તિ બાધક છે જગતને ભેદભાવથી જોશો નહીં, જગતને અમેદ ભાવથી જોવાનું છે**

દિતિ એટલે ભેદબુદ્ધિ, અદિતિ એટલે અભેદબુદ્ધિ-બ્રહ્માકારવૃત્તિ. દિતિ એટલે ભેદબુદ્ધિમાંથી હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુ જેવા રાક્ષસોના જન્મ થાય છે. અદિતિ એટલે અમેદબુદ્ધિમાંથી ભગવાન વામન જન્મે છે. જગતને ભેદભાવ થી જોશો નહીં. જગતને અમેદ ભાવથી જોવાનું છે. આકારએ કિંમતી વસ્તુ નથી, સોનું એ કિંમતી વસ્તુ છે. કિંમત સોનાની મળે છે, આકારની નહીં. માટે મૂળ પદાર્થને જુઓ.એક મહાત્મા પાસે સોનાનો ગણપતિ અને સોનાનો ઉંદર હતો. શરીર વૃદ્ધ થયું. મૂર્તિ માટે આ ચેલાઓ ઝઘડો કરશે.તેથી મહાત્માએ વિચાર્યું કે, આ મૂર્તિઓ વેચી ભંડારો કરીશ. મૂર્તિઓ વેચવા લઈ ગયા. ગણપતિની મૂર્તિ દસ તોલાની થઈ. ઉંદરની મૂર્તિ અગિયાર તોલાની થઈ. સોનીએ કહ્યું કે, ગણપતિની કિંમત એક હજાર રૂપિયા અને ઉંદરની ૧૧૦૦ રૂપિયા. મહાત્મા કહે, ગણપતિ તો માલિક દેવ છે. તેની કિંમત ઓછી કેમ આપે છે? સોની કહે, હું તો સોનાની કિંમત આપું છું, માલિક દેવની નહીં. મારે મન ગણપતિ નથી, આ ઉંદર નથી. આ સોનું છે. તેમ જ્ઞાની પુરુષો આકારને જોતા નથી.જ્ઞાની પુરુષો સૃષ્ટિને નિર્વિકાર ભાવે જુએ છે.

સર્વમાં એકને નિહાળો. અદિતિને પતિમાં પણ પરમાત્માનાં દર્શન થતાં હતાં. જે વસ્તુનું મન વારંવાર ચિંતન કરશે તેનો આકાર મનમાં સ્થિર થઈ જશે. એક જ સ્વરૂપનું વારંવાર ધ્યાન કરો, સ્મરણ કરો, ચિંતન કરો તો તમે એ સ્વરૂપમય બની જશો. એક શેઠ કાશ્મીર ગયા હતા, ત્યાં તેમણે પુષ્કળ ગુલાબનાં ફૂલ જોયાં. શેઠના મનમાં દ્રવ્યનો ભાવ હતો એટલે શેઠને થયું, અહીં ગુલકંદની ફેકટરી ખોલી હોય તો વેપાર સારો ચાલે. શેઠની આંખમાં કેવળ દ્રવ્યનો ભાવ હતો, તેથી તેમને બધે પૈસો જ દેખાય છે. તેવી રીતે દૃષ્ટિને ભાગવતમય બનાવશો તો દૃષ્ટિ જ્યાં જશે ત્યાં ભગવાન દેખાશે. ગોપીની દૃષ્ટિ પરમાત્મામાં જ હતી શ્રીકૃષ્ણ મથુરામાં વિરાજતા હતા ત્યારે ગોપીનો શ્રીકૃષ્ણ ગોકુળમાં જ દેખાય છે. ઉદ્ધવને કહે છે કે, કનૈયો અહીં જ છે! ગોપીને બધું જ શ્રીકૃષ્ણમય,શ્યામ જ શ્યામ દેખાય છે. કુંજન શ્યામ, યમુના શ્યામ,ગગનશ્યામ, ઘન શ્યામ શિવનો કંઠ શ્યામ. બધે શ્યામ રંગ છે. હવે કશ્યપનો અર્થ જુઓ. તે શબ્દને ઊલટાવો તો થશે પશ્યક. ઉપનિષદમાં ક નો અર્થ કર્યો છે ઈશ્વર. ક એટલે ઈશ્વર અને શ્યપ એટલે જોવું. સર્વમાં એક ઈશ્વરને જુએ તે કશ્યપ. કશ્યપની વૃત્તિ બ્રહ્માકાર બની ત્યારે ભગવાનને પ્રગટ થવું પડયું. ગૃહસ્થાશ્રમ ભક્તિમાં બાધક નથી પણ સાધક છે. બાધક છે ગૃહા સક્તિ,



ગૃહસ્થાશ્રમ કામાસક્તિ, દ્રવ્યાસક્તિ, વિષયાસક્તિ બાધક છે. સંસારના વિષયોમાં સાચું સુખ હોય તો બધું છોડી મનુષ્યને નિદ્રા ની જરૂર શા માટે લાગે? વિષયોનો ત્યાગ કરી મનુષ્યને નિદ્રાની ઈચ્છા થાય છે તે બતાવે છે કે, વિષયોમાં સુખ નથી. જેમ અન્નનું સેવન રોજ કરો છો, તેમ વારંવાર સત્સંગની જરૂર છે. શરીર માટે અન્ન છે તેમ આત્મા માટે સત્સંગ છે. પ્રભુ કહે છે કે, હું અંતર્યામી રૂપે સર્વના હૃદયમાં વિરાજું છું, તેમ છતાં જો જીવ દુઃખી હોય તો એમાં દોષ કોનો? પાસે લાખનો હીરો હોય પણ તેની કિંમત ખબર ન હોય તો દોષ કોનો? આ દુઃખ અજ્ઞાનનું છે.

બ્રહ્માકારવૃત્તિથી આ અજ્ઞાનનું તેમજ દુઃખનું નિવારણ થશે. અંદરનું નિરાકાર અને બહાર નું સાકાર સ્વરૂપ એકત્ર થશે, ત્યારે વામનજી ભગવાન પ્રગટ થશે. અદિતિએ પયોવ્રત કર્યુ.રાત્રે અદિતિને સ્વપ્નમાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. ભગવાને કહ્યું, મારા ચતુર્ભુજ સ્વરૂપને નિહાળો અને મારા ચતુર્ભુજ સ્વરૂપ નું ધ્યાન સતત તમારા પતિ ના શરીરમાં કરશો તો હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. એક સ્વરૂપનું વારંવાર ચિંતન કરે એટલે તે અધિકારીનું સ્વરૂપ મનમાં ઠસી જાય છે. અદિતિ અને કશ્યપ નારાયણનું ધ્યાન કરે છે. અદિતિ અને કશ્યપની વૃત્તિ નારાયણ બની ગઈ ત્યારે નારાયણ પધાર્યા. ભાદરવા સુદ બારસ મધ્યાહ્નકાળે માતા અદિતિ સન્મુખ વામન ભગવાન પ્રગટ થયા. કશ્યપ દોડતા વામન ભગવાનનાં દર્શન કરવા આવ્યા. માતાપિતાને ભાન કરાવવા ભગવાને ચતુર્ભુજ સ્વરૂપ બતાવ્યું. હૃદયમાં આનંદ સમાતો નથી. ચતુર્ભુજ નારાયણનું સ્વરૂપ અદશ્ય થયું અને સાત વર્ષના બટુક વામન સ્વરૂપે પ્રગટ થયા. સુંદર લંગોટી પહેરી છે. દિવ્ય તેજ છે.બ્રહ્માદિક દેવોએ કશ્યપને ધન્ય વાદ આપ્યો કે,તમારો ગૃહસ્થાશ્રમ સફળ થયો. આજે તમે જગતના પણ પિતા બન્યા છે. વામનજીએ બાળલીલા કરી નથી, કારણકે પ્રગટ થયા ત્યારે સાત વર્ષના હતા. સાત વર્ષના બટુક વામનજીને જનોઈ આપવાનો નિર્ણય થયો. બ્રાહ્મણને જનોઈ આપવામાં આવે છે, ત્યારે તેનો બ્રહ્મસંબંધ થાય છે. જનોઇનો મંત્ર, પિતા પુત્રને કહે છે, આજથી તું મારો નહીં, આજથી તું ઈશ્વરનો થયો. તે દિવસે છેલ્લું માતા સાથે ભોજન કરવામાં આવે છે. જનોઈ આપ્યા પછી માબાપ પણ બદલાય છે. પિતા થાય છે સૂર્યનારાયણ અને માતા બને છે ગાયત્રી માતા. જનોઈ મે વેદોએ આપેલી ચપરાસ છે. એ ચપરાસ પહેરી જીવ કહે છે કે, હવે હું નારાયણનો સેવક છું. શાસ્ત્રોક્ત સંસ્કાર કરવાથી જીવની શુદ્ધિ થાય છે અને તેના નિષ્કૃષ્ઠ ભાવોની ઉન્નતિ થાય છે. પણ સંસારની પરંપરા આજે નષ્ટ થઈ છે. તેથી સંયમ અને સદાચાર નષ્ટ થાય છે. જનોઈ હાથે બનાવવી જોઈએ.

સૂતરને છન્નું વખત લપેટવું પડે છે.વેદોમાં કર્મ અને ઉપાસના ના મંત્રો છન્નું હજાર છે. તે ભણવાનો અધિકાર તેથી મળે છે. વેદના મંત્ર એક લાખ છે પણ ચાર હજાર મંત્રો સંન્યાસી માટે છે. બાકીના છન્નું હજાર કર્મો અને ઉપાસનાના મંત્રો છે. જનોઈને બનાવનાર બ્રહ્મા અને ત્રિગુણાતિત કરનાર વિષ્ણુ છે જનોઇને ગાંઠ આપનાર શિવજી અને અભિમં ત્રિત કરનાર ગાયત્રી દેવી છે. એક-એક ધાગામાં એક-એક દેવીની પ્રતિષ્ઠા કરવામાં આવે છે, તેથી તેને લોઢાનો સ્પર્શ ન કરાવવો. જનોઈ નો હેતુ ચાવી લટકાવવા માટે નથી. આવે છે. વામનજી મહારાજને જનોઈ આપવામાં આવે છે. અદિતિ એ લંગોટી આપી છે. ધરતીએ બ્રહ્માએ કમંડળ, સરસ્વતી એ જપમાળા અને કુબેરે ભિક્ષા પાત્ર આપ્યું છે.પ્રાતઃ સંધ્યાથી રાત્રિનું પાપ નષ્ટ થાય છે. મધ્યાહ્ન થી સંધ્યા અન્નજળનો દોષ દૂર કરે છે. ત્રિકાળ સંધ્યામાં સૂર્યનો જપ કરતાં કરતાં જગદંબા ગાયત્રીનું ધ્યાન કરવાનું છે.સંધ્યામાં ગાયત્રી માતાને આવાહન કરવાનું હોય છે.મા,તમે મારા હૃદય માં પધારો, મારું રક્ષણ કરો!સંધ્યામાં અઘમ ર્ષણ કરવાનું હોય છે.ધ્યાન કરવાનું હોય છે.ઉત્તમ સંધ્યા- આકાશમાં નક્ષત્રો હોય ત્યારે કરવામાં આવે તે. નક્ષત્ર ન દેખાતું હોય અને સૂર્યનારાયણ બહાર ન આવ્યા હોય,ત્યારે સંધ્યા કરે તો તે મધ્યમ સંધ્યા,સૂર્યોદય પછીની તે અધમ સંધ્યા છે.બૃહ સ્પતિ વામનજી મહારાજને ઉપદેશ આપે છે કે, આજથી મધુકરી માગવાની. મધુકરીના અન્નમાં મધુરતા છે.તે પછી બ્રહ્મચારીના ધર્મો સંભળા વ્યા. બ્રહ્મચર્યાશ્રમ નષ્ટ થયો ત્યારથી દેશની દુર્દશા થઈ છે. બ્રહ્મચર્યાશ્રમની પરંપરા નષ્ટ થઈ ત્યારથી દેશની દુર્દશા થઈ છે. બ્રહ્મચર્યના પાલન વગર કોઈ મહાન થયો નથી કે થવાનો નથી.

### હિરોઈન પોતાની સુંદરતા માટે ફેમસ હતી


# કોર્ટમાં કેસ લડતા ત્રણ બાળકોને આપ્યો હતો જન્મ

## વર્ષ ૧૯૯૫માં રમ્ભાએ મિથુન ચક્રવર્તી સ્ટારર ફિલ્મ જલ્લાદમાં કામ કર્યું હતું, આ ફિલ્મ મિથુન ચક્રવર્તીના કરિયરમાં માઈલસ્ટોન સાબિત થઈ



આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં ૫ જૂન ૧૯૭૬ના રોજ જન્મેલી રમ્ભાનું પૂરું નામ 'વિજયલક્ષ્મી યેદી' છે. રમ્ભાએ વર્ષ ૧૯૯૩માં સાઉથ સિનેમામાં પોતાના કરિયરની શરૂઆત કરી હતી. રમ્ભાએ કન્નડ ફિલ્મ 'સર્વર સોમન્ના'થી તેની મોટા પડદાની સફર શરૂ કરી હતી. આ ફિલ્મમાં કન્નડ સ્ટાર જગ્ગેશે મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ પછી લોકોએ રમ્ભાને ઘણો પ્રેમ આપ્યો. આ પછી રમ્ભાના કરિયરમાં ફિલ્મોની કતાર લાગી ગઈ. રમ્ભાએ ૫ વર્ષમાં સાઉથ સિનેમામાં ૧૦થી વધુ ફિલ્મો કરી. રમ્ભાએ થોડી જ ફિલ્મોમાં સ્ટારડમ હાંસલ કર્યું હતું. સાઉથ સિનેમામાં પોતાની ઓળખ બનાવ્યા બાદ રમ્ભાએ બોલિવૂડમાં પણ પોતાની સફર શરૂ કરી હતી. વર્ષ ૧૯૯૫માં રમ્ભાએ મિથુન ચક્રવર્તી સ્ટારર ફિલ્મ 'જલ્લાદ'માં કામ કર્યું હતું. આ ફિલ્મ મિથુન ચક્રવર્તીના કરિયરમાં માઈલસ્ટોન સાબિત થઈ. બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનારી આ ફિલ્મે રમ્ભાની બોલિવૂડની સફર પણ આસાન બનાવી દીધી. ૧૯૯૬માં રમ્ભાને 'જુર્મના', 'જંગ', 'દાનવીર' અને 'ધર્મ ચક્ર' જેવી ફિલ્મોમાં કાસ્ટ કરવામાં આવી હતી. રમ્ભા હવે બોલિવૂડ સ્ટાર બની ગઈ હતી. વર્ષ ૧૯૯૭માં રમ્ભાને સલમાન ખાન સાથે ફિલ્મ 'જુડવા'માં કાસ્ટ કરવામાં આવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. રમ્ભાએ પોતાના કરિયરમાં ૧૧૩થી વધુ ફિલ્મો કરી છે. પરંતુ વર્ષ ૨૦૧૦ સુધીમાં રમ્ભા ફિલ્મી દુનિયાથી કંટાળી ગઈ. રમ્ભાએ એપ્રિલ ૨૦૧૦માં કેનેડિયન બિઝનેસમેન ઈન્દ્રકુમાર પથમનાથન સાથે લગ્ન કર્યા હતા. જોકે, તેમના સંબંધોના થોડા વર્ષો પછી તેમના અલગ થવાના સમાચાર આવવા લાગ્યા. એટલું જ નહીં વર્ષ ૨૦૧૬માં રમ્ભાએ તેના પતિ વિરુદ્ધ કોર્ટમાં કેસ પણ કર્યો હતો. કોર્ટમાં કેસ લડતા રમ્ભાએ ત્રણ બાળકોને પણ જન્મ આપ્યો હતો. જોકે, બાદમાં રમ્ભાએ તેના પતિ સાથે સમાધાન કરી લીધું હતું અને બંને સાથે રહેવા લાગ્યા હતા. આજે પણ રમ્ભા તેના પતિ અને તેના ત્રણ બાળકો સાથે રહે છે. પરંતુ ૨૦૧૧ પછી રમ્ભાએ ઘણા વર્ષો સુધી ગ્લેમરની દુનિયાથી અંતર જાળવી રાખ્યું. જો કે હવે ઉંમરના આ તબક્કે રમ્ભા ફરીથી અભિનયની દુનિયામાં પાછી ફરી રહી છે. હાલમાં જ મીડિયા રિપોર્ટ્સમાં એવા સમાચાર આવ્યા હતા કે રમ્ભા ટૂંક સમયમાં રજનીકાંત સાથે એક ફિલ્મમાં જોવા મળશે. હવે જોવાનું એ રહે છે કે રમ્ભા ફરીથી ગ્લેમરની દુનિયામાં પાછી ફરશે કે નહીં.

# ઐશ્વર્યા રાય અને નણંદ શ્વેતા વચ્ચેનો ખટરાગ દૂર!






## ઐશ્વર્યા અને શ્વેતા બચ્ચન વચ્ચે બોલવાના સંબંધો પણ ના હોવાની અફવા ઉડી હતી, જોકે, આ બધી જ વાતો ખોટી સાબિત થઈ

જામનગરમાં મુકેશ અંબાણીના નાના દીકરા અનંત અંબાણી અને તેની વાગ્દત્તા રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શન યોજાયા. ત્રણ દિવસના ભવ્ય કાર્યક્રમમાં દેશ-વિદેશના બિઝનેસ જગતની હસ્તીઓ, સ્પોર્ટ્સ-મનોરંજન અને રાજકારણની હસ્તીઓ સામેલ થઈ હતી. બચ્ચન પરિવાર પણ અંબાણી ફેમિલીના આમંત્રણ પર જામનગર પહોંચ્યો હતો. જયા બચ્ચન, અમિતાભ બચ્ચન, ઐશ્વર્યા રાય-અભિષેક બચ્ચન, આરાધ્યા બચ્ચન, શ્વેતા બચ્ચન નંદા અને તેના બંને બાળકો નવ્યા-અગસ્ત્ય જામનગરમાં હાજર હતા. ૩ માર્ચે રાધિકા-અનંતનો પ્રી-વેડિંગ સમારોહ પૂર્ણ થતાં બચ્ચન પરિવાર મુંબઈ આવવા રવાના થયો હતો. આ દરમિયાન એરપોર્ટ પર જે દ્રશ્યો સર્જાયા તેણે બે મુખ્ય અફવાઓનું ખંડન કર્યું હતું. થોડા દિવસ પહેલા જ ચર્ચા હતી કે, ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનના લગ્નજીવનમાં તિરાડ પડી છે. ઐશ્વર્યા બચ્ચન પરિવારનું ઘર છોડીને પોતાના પિયરમાં રહેવા જતી રહી છે. જ્યારે બીજી ખબર એવી હતી કે, શ્વેતા બચ્ચનને પ્રતીક્ષા બંગલો આપી દેવાતાં ઐશ્વર્યા અને શ્વેતા વચ્ચેના સંબંધો વણસ્યા છે. નણંદ-ભાભી વચ્ચે બોલવાના સંબંધ પણ નથી રહ્યા. આ બંને અફવાઓનું ખંડન જામનગરમાં થયું હતું. ઐશ્વર્યા રાય તેની દીકરી આરાધ્યાને લઈને આખા બચ્ચન પરિવાર સાથે જામનગર આવી હતી. જામનગરમાં ફંક્શનમાં હાજરી આપ્યા પછી આખો બચ્ચન પરિવાર સાથે જ મુંબઈ જવા રવાના થયો હતો. મુંબઈ એરપોર્ટ પર ઐશ્વર્યા રાય નણંદ શ્વેતા સાથે હસીને વાતો કરતી જોવા મળી હતી. થોડીવાર વાતો કર્યા પછી ઐશ્વર્યાએ હસીને શ્વેતા બચ્ચનને આવજો કહ્યું હતું. શ્વેતા અને ઐશ્વર્યાની જાહેરમાં આ પ્રકારની મિત્રતા ભાગ્યે જ જોવા મળે છે. ત્યારે આ વિડીયો પરથી નણંદ-ભાભી વચ્ચેના સંબંધોમાં ખટરાગ ના હોવાની પુષ્ટિ થઈ હતી. વળી, આરાધ્યા દાદા અમિતાભનો હાથ પકડીને આવી હતી. તેમની સાથે જ કારમાં બેસીને ઘરે ગઈ હતી. જ્યારે અભિષેક અને ઐશ્વર્યા એક કારમાં જ સાથે ઘરે ગયા હતા. જેથી સ્પષ્ટ થાય છે કે, ઐશ્વર્યા અને તેની દીકરી આરાધ્યા બચ્ચન પરિવાર સાથે તેમના બંગલામાં જ રહે છે. સોશિયલ મીડિયા પર એક વિડીયો પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં અભિષેક, ઐશ્વર્યા અને આરાધ્યા અંબાણી પરિવારનો કાર્યક્રમ માણતાં જોવા મળી રહ્યા છે. ત્રણેય જણાંએ ક્રીમ રંગના મેચિંગ કપડા પહેર્યા હતા. આરાધ્યા બચ્ચનનો લૂક પણ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. આરાધ્યાની હેરસ્ટાઈલ આ વખતે થોડી અલગ જોવા મળી હતી. આરાધ્યાનો આ નવો લૂક જોઈને લોકો તેની સરખામણી મમ્મી ઐશ્વર્યા સાથે કરવા લાગ્યા હતા. ઐશ્વર્યા રાય યુવાનીમાં જેવી દેખાતી હતી એવી જ આરાધ્યા હાલ દેખાઈ રહી છે. મહત્વનું છે કે, થોડા દિવસ પહેલા જ શ્વેતાની દીકરી નવ્યા નંદાએ આરાધ્યાના વખાણ કરતાં તેને બુદ્ધિશાળી ગણાવી હતી.

# વધારે પડતાં બોલ્ડ સીનનાં કારણે થીએટરમાં ન આવી જ શકી પાંચ ફિલ્મો, OTT પર સખત ચાલી

## દીપા મહેતા દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, આ ઈન્ડો કેનેડિયન રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ૧૯૯૬માં રિલીઝ થઈ હતી

બોલિવૂડમાં એવી ઘણી ફિલ્મો છે જે રિલીઝ પહેલા જ વિવાદોનો સામનો કરી ચુકી છે, જેમાંથી કેટલીક ફિલ્મો થિયેટરમાં રિલીઝ થઈ છે. પરંતુ કેટલીક ફિલ્મો ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવી હતી અને સિનેમાઘરોમાં રિલીઝ થઈ ન હતી. પરંતુ તમે હવે આ ફિલ્મોને OTT પર જોઈ શકો છો. જો થિયેટરોમાં નહીં, તો આ ફિલ્મોએ OTTમાં સ્થાન મેળવ્યું છે અને લોકોને ગમી પણ છે. દીપા મહેતા દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત, આ ઈન્ડો-કેનેડિયન રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ૧૯૯૬ માં રિલીઝ થઈ હતી, સીતા (નંદિતા દાસ) અને રાધા (શબાના આઝમી) એ બે ભારતીય મહિલાઓ છે જે પ્રેમવિહીન લગ્નમાં ફસાયેલી છે. જ્યારે સીતા તેના ક્રૂર અને બેવફા પતિ, જતીન (જાવેદ જાફેઈ) સાથે ગોઠવાયેલા સંબંધોમાં ફસાઈ જાય છે, ત્યારે રાધાએ તેના ભાઈ અશોક (કુલભૂષણ ખરબંદા) સાથે લગ્ન કર્યા છે, જે ઈચ્છાને દબાવવામાં વિશ્વાસ રાખે છે. જેમ જેમ બે સ્ત્રીઓ તેમની સમાન પરિસ્થિતિઓને ઓળખે છે, તેમ તેમ તેઓ નજીક વધે છે, અને તેમના સંબંધો બંનેમાંથી કોઈની ધારણા કરતાં વધુ સંકળાયેલા બને છે. જેમાં શબાના આઝમી અને નંદિતા દાસ અભિનિત હતા. ગે સ્ટોરી પર આધારિત આ ફિલ્મને ભારતમાં પ્રતિબંધિત કરવામાં આવી હતી, ત્યારબાદ તેની થિયેટર રિલીઝ મોકૂફ રાખવામાં આવી હતી. પરંતુ હવે આ મૂવી યુટ્યુબ અથવા અન્ય કેટલીક વેબસાઈટ્સ પર ઓનલાઈન જોઈ શકાય છે, જો કે તમે ફેમિલી સાથે રહેતા હોવ અને તમારું ફેમિલી એટલું બધુ મોડર્ન ન હોય તો તેને જોતી વખતે ગોપનીયતાની ખાતરી કરો. અનુરાગ કશ્યપ દ્વારા લખાયેલી અને દિગ્દર્શિત આ ક્રાઈમ થ્રિલર ફિલ્મ ૨૦૦૩માં રિલીઝ થઈ હતી, પરંતુ તેના બોલ્ડ કન્ટેન્ટને કારણે આ ફિલ્મ ૨૦૦૩ અને ૨૦૧૬ની વચ્ચે ૪ અલગ-અલગ ફિલ્મોમાં રિલીઝ થઈ હતી, પરંતુ તે થિયેટરોમાં આવવામાં નિષ્ફળ રહી હતી. જો કે આ ફિલ્મ કેટલાક ફિલ્મ ફેસ્ટિવલમાં બતાવવામાં આવી હતી. પાંચ એ ૨૦૦૩ ની ભારતીય ક્રાઈમ થ્રિલર ફિલ્મ છે જે અનુરાગ કશ્યપ દ્વારા નિર્દેશિત અને દિગ્દર્શિત કરવામાં આવી હતી, જેમાં કે કે મેનન, આદિત્ય શ્રીવાસ્તવ, વિજય મૌર્ય, જોય ફર્નાન્ડિસ અને તેજસ્વિની કોલ્હાપુરે અભિનીત હતા.





આ ફિલ્મ પુણેમાં ૧૯૭૬-૭૭માં જોશી-અભ્યંકરની શ્રેણીબદ્ધ હત્યાઓ પર આધારિત છે. કેકે મેનન, આદિત્ય શ્રીવાસ્તવ, વિજય મૌર્ય, જોય ફર્નાન્ડિસ અને તેજસ્વિની કોલ્હાપુરે અભિનીત આ ફિલ્મ હવે OTT પ્લેટફોર્મ મુબી એપ પર ઉપલબ્ધ છે. કૌશિક મુખર્જી દ્વારા લખાયેલી અને દિગ્દર્શિત, આ ડ્રામા ફિલ્મ વર્ષ ૨૦૧૮ માં રિલીઝ થઈ હતી જેમાં તન્મય ધાનિયા, ત્રિમલા અધિકારી, શ્રુતિ વિશ્વવાન, સતરૂપા દાસ અને સચિથ પુરાણિક મુખ્ય ભૂમિકામાં હતા. તે ૬૮મા બર્લિન ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલના પેનોરમા વિભાગમાં દર્શાવવામાં આવ્યું હતું. વાર્તા ગોવામાં ટેક્સી ડ્રાઈવર તરીકે કામ કરતા ફણેશ્વર વિશે છે, જે એક મહિલાને તેના ઘરમાં બંધક બનાવે છે. તેના ખૂબ જ બોલ્ડ કન્ટેન્ટને કારણે, આ ફિલ્મ થિયેટરોમાં રિલીઝ કરવામાં આવી ન હતી, પરંતુ હવે તે નેટફ્લિક્સ પર પણ ઉપલબ્ધ છે. રાજ અમિત કુમાર દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ વર્ષ ૨૦૧૪માં 'કેરળ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ'માં પ્રદર્શિત કરવામાં આવી હતી, પરંતુ ભારતમાં આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને તેથી તેને થિયેટરોમાં રિલીઝ કરવામાં આવી ન હતી. આ ફિલ્મ સમલૈંગિકોની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. તે જ સમયે, ફિલ્મ હવે OTT પ્લેટફોર્મ NETFLIX પર ઉતરી ગઈ છે. પાન નલિન દ્વારા નિર્દેશિત, આ ડ્રામા ફિલ્મનું નિર્માણ ગૌરવ ઢીંગરા અને પાન નલિન દ્વારા જંગલ બુક એન્ટરટેઈનમેન્ટ બેનર હેઠળ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૫માં રિલીઝ થઈ.

# આયેશા ટાકિયાએ ૧૫ વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું

## આયેશાને મોટો બ્રેક ત્યારે મળ્યો જ્યારે તેણે સલમાન ખાન સાથે વોન્ટેડમાં કામ કર્યું

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા એવા સ્ટાર્સ છે જેઓ ડેબ્યુ કરે છે અને પછી કેટલીક સુપરહિટ ફિલ્મોમાં કામ કરે છે પરંતુ પછી અંગત કારણોસર અથવા સતત ફ્લોપ ફિલ્મો પછી એક્ટિંગ છોડી દે છે. કેટલાક પરિવાર માટે તો કેટલાક પ્રેમ માટે ગ્લેમર ઈન્ડસ્ટ્રી છોડે છે. આજે અમે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તે બીજું કોઈ નહીં પણ આયેશા ટાકિયા છે, જેણે ૨૦૦૪માં 'ટાર્ઝનઃ ધ વન્ડર કાર'થી ડેબ્યૂ કર્યું હતું. આ પછી તે 'સોચા ના થા' (૨૦૦૫), 'સલામ-એ-ઈશ્ક' (૨૦૦૭), 'વોન્ટેડ' (૨૦૦૯) અને 'પાઠશાલા' (૨૦૧૦) સહિત ઘણી સફળ ફિલ્મોમાં જોવા મળી હતી. આયેશા ટાકિયાને સૌપ્રથમ મોડેલ તરીકે ઓળખ મળી હતી જ્યારે તેણે ૧૪ વર્ષની ઉંમરે ૨૦૦૦માં ફાલ્ગુની પાઠકના મ્યુઝિક વિડિયો 'મેરી ચુનર ઉડ ઉડ જાયે'માં પરફોર્મ કર્યું હતું. લોકો આજે પણ આ ગીત સાંભળવાનું પસંદ કરે છે પરંતુ આયેશાને એટલી પ્રસિદ્ધિ મળી નથી જેટલી તેને સ્ક્રીન પર કામ કરીને મળી હતી. આયેશાને મોટો બ્રેક ત્યારે મળ્યો જ્યારે તેણે સલમાન ખાન સાથે 'વોન્ટેડ'માં કામ કર્યું. ફિલ્મના દરેક સીન અને ગીત પ્રશંસનીય છે. આ ફિલ્મ ૨૦૦૯ની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોમાંની એક બની, તેમજ આયેશા ટાકિયાની અત્યાર સુધીની સૌથી મોટી વ્યાવસાયિક સફળતા પણ બની. આયેશા છેલ્લે 'મોડ' નામની ફિલ્મમાં જોવા મળી હતી, જેને લોકો તરફથી ખૂબ જ ખરાબ પ્રતિક્રિયા મળી હતી. આ પછી આયેશા ટાકિયાએ પોતાના પરિવાર અને અંગત જીવન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે એક્ટિંગ છોડી દીધી. અભિનેત્રીએ સુપર સાથે તેલુગુમાં પણ પોતાનું નસીબ અજમાવ્યું હતું અને તે સરેરાશ રહ્યું હતું. જ્યારે તેની વધારે પ્રશંસા ન થઈ, ત્યારે આયેશા ટાકિયાએ ધીમે ધીમે પ્રોફેશનલ લાઈફથી દૂર પોતાના અંગત જીવન પર ધ્યાન આપવાનું શરૂ કર્યું. પછી તેણે તેના બોયફ્રેન્ડ ફરહાન આઝમી સાથે લગ્ન કર્યા, જે એક રેસ્ટોરન્ટના માલિક અને સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીનો પુત્ર છે. આયેશાએ ૨૩ વર્ષની ઉંમરે ૨૦૦૯માં ફરહાન સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ તેણે પોતાનું છેલ્લું નામ ટાકિયા આઝમી કરી દીધું અને ઈસ્લામ ધર્મ અપનાવ્યો. લગ્ન પછી તરત જ દંપતીએ એક પુત્રનું સ્વાગત કર્યું. આયેશા ટાકિયા હાલમાં ગોવામાં રહે છે અને તેના પતિને તેના બિઝનેસમાં મદદ કરે છે. તે ગ્લેમરની દુનિયાથી દૂર પોતાના જીવનથી ખુશ છે.



# તમન્નાને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવ્યાને ૧૯ વર્ષ પૂરાં થયાં



તમન્ના ભાટિયાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યાને ૧૯ વર્ષ પૂરાં થયાં છે અને તેનું કહેવું છે કે આ તો હજી શરૂઆત છે. ૨૦૦૫માં તેણે હિન્દી ફિલ્મ 'ચાંદ સા રોશન ચેહરા'થી ઍક્ટિંગની શરૂઆત કરી હતી. બાદ તેણે તામિલ અને તેલુગુ ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. તે હજી પણ હિન્દી અને સાઉથની ફિલ્મોમાં કામ કરે સોશ્યલ મીડિયામાં તેને સૌ કૉન્ગ્રેચ્યુલેશન્સ કહી રહ્યા છે. ફૅન્સે તેને આપેલાં અભિનંદનની પોસ્ટ તેણે રીશૅર છે. અભિનંદન આપતાં કાજલ અગ્રવાલે પોસ્ટ કર્યું હતું કે '૧૯ ગ્લૉરિયસ યર્સ ઑફ તમન્ના. લગભગ બે દાયકા માટે કૉન્ગ્રેચ્યુલેશન્સ તમન્ના ભાટિયા. તારા પ્રશંસનીય ફૅન્સે લવલી પોસ્ટર્સ બનાવ્યાં છે.' આ પોસ્ટને ઈન્સ્ટાસ્ટોરી પર રીશૅર કરીને તમન્નાએ કૅપ્શન આપી હતી, 'ઇટ્સ સો સ્વીટ ઑફ કાજુ. તમે ખૂબ જ થૉટફુલ છો.' એક ફૅને બનાવેલા પોસ્ટરને ઈન્સ્ટાસ્ટોરી પર શૅર કરીને તમન્નાએ કૅપ્શન આપી હતી, તો હજી શરૂઆત છે ક્યુટીસ. પરંતુ તે દક્ષિણ ફિલ્મ ઉદ્યોગમાં સૌથી વધુ માંગવામાં આવતી નાયિકા બની ગઈ. એસએસ રાજામૌલીની મેગ્નમ ઓપસ 'બાહુબલીઃ ધ બિગિનિંગ'માં તેણીની ભૂમિકા હતી, જેમાં તેણીએ અવંતિકાની ભૂમિકા ભજવી હતી. તેણીએ 'બબલી બાઉન્સર', 'લસ્ટ સ્ટોરીઝ અને અન્ય જેવા પ્રોજેક્ટ્સ સાથે તેની બહુમુખી પ્રતિભાનું પ્રદર્શન કર્યું. ૨૦૨૩ માં, તમન્નાએ ચિરંજીવી-સ્ટારર ફિલ્મ 'ભોલા શંકર' સાથે બોક્સ ઓફિસ પર રાજ કર્યું, રજનીકાંત-સ્ટારર ફિલ્મ 'જેલર' ના તેના 'કાવાલા' ગીતથી દેશને ગમ્યું, અને 'બાંદ્રા' સાથે તેણીની મલયાલમ ફિલ્મની શરૂઆત કરી. પ્રોફેશનલ મોરચે, તમન્નાહ તેની પાઈપલાઈનમાં પ્રોજેક્ટ્સની આકર્ષક લાઈનઅપ ધરાવે છે. તે જ્હોન અબ્રાહમ અને શર્વરી વાઘ સાથે દિગ્દર્શક નિખિલ અડવાણીની આગામી એક્શન ડ્રામા ફિલ્મ વેદામાં સિલ્વર સ્ક્રીન પર ચમકવા માટે તૈયાર ઉપરાંત, તે શમાસ નવાબ સિદીકીની કોમેડી-ડ્રામા ફિલ્મ બોલે ચૂડિયામાં જોવા મળશે. મુખ્ય અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકીના જીવનની વાસ્તવિક ઘટનાઓ પર આધારિત છે.

# પ્રેગનન્ટ છે કેટરીના? દુપટ્ટાથી છુપાવ્યો બેબી બંપ

## એક્ટ્રેસની આ તસવીરોની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા ચાલી રહી છે

મુકેશ અંબાણીના ફેમિલી ફંક્શનમાં અનેક બોલિવૂડ સ્ટાર્સે હાજરી આપી હતી. આ ફંક્શનમાં લોકોએ ફૂલ ટૂ એન્જોય કર્યુ છે. અનંત અને રાધિકાની પ્રી વેડિંગની તસવીરો અને વિડીયો સતત સોશિયલ મિડીયામાં વાયરલ થઇ રહ્યા છે. આ વચ્ચે હાલમાં કેટરીના કૈફ અને વિક્કી કૌશલની તસવીરો વાયરલ થઇ રહી છે. એક્ટ્રેસની આ તસવીરોની ચારે બાજુ ચર્ચા ચાલી રહી છે. કપલની આ તસવીર જોઇને ફેન્સ વખાણ કરી રહ્યા છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની પ્રી વેડિંગ સેરેમની માટે વિક્કી કૌશલ અને કેટરીના કૈફ જામનગરમાં પહોંચ્યા હતા. આ ફંક્શનમાં કેટ અને વિક્કી મસ્ત અંદાજમાં જોવા મળ્યા. વિક્કી કૌશલ અને કેટરીના કૈફ આ ફંક્શનમાં હાજરી આપ્યા પછી મુંબઇ જવા નિકળ્યા હતા. કપલ જામનગર એરપોર્ટ પર સ્પોટ થયા હતા. જો કે આ વખતે કપલનો અનોખો અંદાજ જોવા મળ્યો.

વિક્કી કૌશલ અને કેટરીના કૈફે પેપ્સને નિરાશ કર્યા નહીં અને મસ્ત સ્ટાઇલમાં પોઝ આપ્યા. આ પોઝ જોઇને તમે પણ ખુશ થઇ જશો. કેટરીના કૈફની જે તસવીરો વાયરલ થઇ રહી છે એમાં પ્રેગનન્ટ હોય એવું યુઝર્સને લાગી રહ્યું છે. જો કે ફરી એક વાર કેટરીનાની પ્રેગનન્સીએ જોર પકડ્યુ છે. આ પહેલાં પણ કેટરીનાની પ્રેગનન્સીની વાતને લઇને અફવાઓ ઉડી હતી. કેટરીના કૈફની તસવીરો પર યુઝર્સે કોમેન્ટ અનેક પ્રકારની કોમેન્ટ કરી છે. એક યુઝર્સે લખ્યુ છે કે ૧૦૦ ટકા પ્રેગનન્ટ છે, જ્યારે બીજા યુઝર્સે કેટરીની કૈફ પ્રેગનન્ટ છે. જ્યારે ત્રીજા યુઝર્સે પ્રેગનન્ટ હે મેડમ લખીને કોમેન્ટ કરી છે. આ તસવીરો જોઇને એવુ લાગી રહ્યુ છે કે કેટરીના કૈફ જાણે દુપટ્ટાથી બેબી બંપ છુપાવી રહી હોય. આ તસવીરોમાં વિક્કી કૌશલ અને કેટરીના કૈફ મસ્ત લાગી રહ્યા છે. વિક્કી કૌશલ અને કેટરીના કૈફે વર્ષ ૨૦૨૧માં લગ્ન કર્યા હતા. આ કપલ પેરેન્ટ્સ બનશે એવી ચર્ચાઓ ચાલી રહે છે.

આમ તમને જણાવી દઇએ કે અત્યાર સુધીમાં કપલ તરફથી કોઇ ઓફિશિયલ માહિતી આપવામાં આવી નથી.



**કેટરીના કૈફ અને વિક્કી કૌશલની આ તસવીર જોઇને ફેન્સ વખાણ કરી રહ્યા છે, સોશિયલ મીડિયા પર તસવીરો વાયરલ**

# ૮ એક્ટરે એક્ટિંગ પહેલા ક્રિકેટની પીચ પર ચોગ્ગા-છગ્ગા ફટકાર્યા હતા

ફિલ્મ અને ક્રિકેટનો સંબંધ બહુ જૂનો છે. સ્ટેડિયમમાં ક્રિકેટર અને ફિલ્મ સાથે જોડાયેલ એક્ટર અને એક્ટ્રેસને એકબીજાના પ્રેમમાં પણ પડતા હોય છે. આજે અમે તમને એવા એક્ટર વિશે જણાવીશું જેમને ક્રિકેટની પીચ પર ચોગ્ગા-છગ્ગા ફટકારીને પોતાની એક અલગ ઓળખ બનાવી છે. આમ, આ એક્ટર પહેલાં ક્રિકેટર હતા અને આ ફિલ્ડમાં નામ રોશન કરવા ઈચ્છતા હતા, પરંતુ નસીબ કંઈક અલગ હતુ. આ એક્ટરના નસીબ પ્રમોશન અને શૂટિંગમાં આગળ હતુ. ત્યારબાદ આ સિતારાઓ ક્રિકેટમાંથી બહાર આવ્યા અને ફિલ્મી દુનિયામાં પોતાનું નામ રોશન કર્યુ. તો જાણો આ લિસ્ટમાં કોણ-કોણ છે. અંગદ બેદી ટાઈગર જિંદા હૈમાં જોવા મળ્યો હતો. હેન્ડસમ હિરો અંગદ બેદી પૂર્વ ક્રિકેટ કેપ્ટન બિશન સિંહ બેદીના દિકરા છે. જે અંડર ૧૯ ટીમ સુધી ક્રિકેટ પણ રમ્યા છે. ત્યારબાદ એક્ટિંગમાં એન્ટ્રી કરી. એક્ટ્રેસ નેહા ધુપિયા એમની પત્ની છે. આયુષ્માન ખુરાના ફિલ્મોમાં આવ્યા એ પહેલાં ક્રિકેટની દુનિયામાં પગ મુક્યો હતો. એક્ટર અંડર ૧૯ ટીમમાં ક્રિકેટ રમી ચુક્યા છે. એક ભાઈને ક્રિકેટમાં ચસ્કો હતો તો બીજો કેવી રીતે ઈનવોલ ના થાય. આયુષ્માન ખુરાનાના નાના ભાઈ અપારશક્તિ ખુરાના પણ ક્રિકેટ પ્લેયર રહી ચુક્યા છે. હરિયાણાની અંડર ૧૯ ટીમનો હિસ્સો હતા. હુમા કુરૈશીના ભાઈ સાકિબ સલીમ પણ ક્રિકેટર બની ચુક્યા છે. ફિલ્મ ૮૩માં મોહિંદર અમરનાથના રોલમાં જોવા મળ્યા હતા. દિલ્હી અને જમ્મુ કાશ્મીરની ટીમમાંથી ક્રિકેટ રમી ચુક્યા છે. એક્ટર અને સિંગર હાર્ડી સંધુ અંડર ૧૯ ટીમમાં ક્રિકેટ રમી ચુક્યા છે. શિખર ધવનની સાથે મેદાનમાં ઉતરી ચુક્યા છે. ખાસ વાત તો એ છે કે સર મદન લાલે એમને ટ્રેનિંગ આપી હતી. ટીવીના ફેવરેટ હોસ્ટમાં એક કરણ વાહી પણ દિલ્હીની અંડર ૧૯ ટીમમાંથી રમી ચુક્યા છે. બિગ બોસમાં હાલમાં નજરે પડેલા સમર્થ જુરેલ પણ ક્રિકેટર રહી ચુક્યા છએ. એમને પ્રોફેશનલ સ્ટેટ લેવલ ક્રિકેટ રમી છે. એક્ટિંગની દુનિયામાં આવતા પહેલાં સલિલ અંકોલા પણ ક્રિકેટર હતા. સલિલ અંકોલા ૨૦ વનડે અને ટેસ્ટ મેચ રમ્યા છે.

# મોદીજીના નેતૃત્વમાં નશામુક્ત ભારતનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે : અમિત શાહ

। નવી દિલ્હી, તા.૫ ।

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે રવિવારે ડ્રગના વેપાર અને તેના જોખમને પહોંચી વળવામાં મોદી સરકારની સફળતા વિશે ત્રણ વીડિયો જાહેર કર્યા. દેશમાં ડ્રગ્સની શોધ, નેટવર્કનો નાશ, ગુનેગારોની અટકાયત અને નશાખોરોના પુનર્વસન દ્વારા નશામુક્ત ભારતના લક્ષ્યને હાંસલ કરવા મોદી સરકાર ઝડપથી આગળ વધી રહી છે. મોદીજીના નેતૃત્વમાં અને અમિત શાહના માર્ગદર્શન હેઠળ નશામુક્ત ભારત આવનારી પેઢીઓ માટે સૌથી મોટી ભેટ છે.

આઝાદીના સુવર્ણકાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કડક અભિગમ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ ડ્રગ્સના વેપારને ડામવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે, જેના કારણે ધરપકડની સંખ્યા અને જપ્ત કરાયેલી દવાઓનો જથ્થો વધ્યો છે. શાહની મજબૂત નીતિઓને કારણે, આજે સરકારો અને એજન્સીઓ વચ્ચે સંકલન, સહકાર અને સંકલનને કારણે દેશભરમાં એક મજબૂત એન્ટી-નાર્કોટિક્સ મિકેનિઝમનું નિર્માણ થયું છે અને આ વ્યૂહરચનાથી ડ્રગ પકડવાની સંખ્યામાં વધારો થયો છે.

મોદીજીના નેતૃત્વમાં અને અમિત શાહના માર્ગદર્શન હેઠળ ડ્રગ્સના ગેરકાયદે વેપારને રોકવા માટે ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવેલા બહુપક્ષીય પ્રયાસોને કારણે જપ્ત કરાયેલા માદક દ્રવ્યોના જથ્થામાં લગભગ ૧૦૦% નો વધારો થયો છે અને ડ્રગની હેરાફેરીની સંખ્યામાં વધારો થયો છે અને સામે નોંધાયેલા કેસોમાં ૧૫૨%નો વધારો થયો છે. માહિતી અનુસાર, ૨૦૦૬ થી ૨૦૧૩ ના સમયગાળા દરમિયાન નોંધાયેલા



કેસોની સંખ્યા ૧,૨૫૭ હતી, જે વર્ષ ૨૦૧૪-૨૦૨૩ દરમિયાન ૩ ગણી વધીને ૩,૭૫૫ થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૬-૧૩માં ૧,૩૬૩ ધરપકડો થઈ હતી અને ૨૦૧૪-૨૩ના સમયગાળામાં તેમની સંખ્યા ૪ ગણી વધીને ૫,૭૪૫ થઈ હતી. છેલ્લાં કેટલાંક વર્ષોમાં જપ્ત કરાયેલા ડ્રગ્સનો જથ્થો બમણો વધીને ૩.૯૫ લાખ કિલો થઈ ગયો છે, જે ૨૦૦૬-૧૩ દરમિયાન ૧.૫૨ લાખ કિલો હતો. જપ્ત કરાયેલી દવાઓની કિંમત ૨૦૦૬-૧૩ના ગાળામાં રૂ. ૭૬૮ કરોડથી ૩૦ ગણી વધીને રૂ. ૨૨,૦૦૦ કરોડ થઈ છે. મોદીજીના નેતૃત્વ અને શાહની દીર્ઘદ્રષ્ટિને કારણે એન્ટી-નાર્કોટિક્સ એજન્સીઓએ ૧૨,૦૦૦ કરોડ રૂપિયાના ૧૨ લાખ કિલોગ્રામ ડ્રગ્સનો નાશ કરવાનું અભૂતપૂર્વ કામ કર્યું. ડ્રગ-મુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે, ડ્રગ્સ સામે પગલાં લેતી કેન્દ્ર અને રાજ્યની એજન્સીઓ વચ્ચે વધુ સારા સંકલન માટે વર્ષ ૨૦૧૯માં ચાર-સ્તરીય NCORD મિકેનિઝમને મજબૂત કરવા માટે પણ કામ કરવામાં આવ્યું હતું.

માત્ર દેશ જ નહીં પરંતુ વિશ્વભરના લોકોએ એ હકીકત જોઈ છે કે મોદી સરકારને નશામુક્ત નવા ભારતના નિર્માણ માટે અમિત શાહની વ્યૂહરચનાનું પરિણામ મળી રહ્યું છે.

## સેમસંગએ સેગમેન્ટમાં ડીસ્પ્લે, એન્ડ્રોઇડ અપગ્રેડ્ઝની ૪ જનરેશન્સ

# સિક્યોરિટી અપડેટ્સના ૫ વર્ષો અને 6000mAh બેટરી સાથે Galaxy F15 5Gને બજારમાં મુક્યો

। ગુરુગ્રામ, તા.૫ ।

ભારતની સૌથી મોટી ઈલેક્ટ્રોનીક્સ બ્રાન્ડ સેમસંગએ Galaxy F15 5Gને બજારમાં મુકવાની ઘોષણા કરી છે જે વપરાશકર્તાઓને સેગમેન્ટમાં વિશિષ્ટ ફીચર્સ ધરાવતો ચડીયાતો સ્માર્ટફોન અનુભવ પ્રદાન કરે છે જે તેને અગાઉના મોડેલોથી અલગ બનાવે છે. Galaxy F15 5G સેગમેન્ટમાં શ્રેષ્ઠ એવી 6000mAh બેટરી અને અન્ય સેગમેન્ટમાંના ફીચર્સ જેમ કે sAMOLED ડીસ્પ્લે, એન્ડ્રોઈડ અપગ્રેડ્ઝની ચાર જનરેશન્સ અને સિક્યોરિટીના પાંચ વર્ષ પણ ધરાવે છે જે વપરાશકર્તાઓ અદ્યતન ફીચર્સ અને આગામી વર્ષોમાં વિસ્તરિત સિક્યોરિટી મેળવી શકે તેની ખાતરી રાખે છે.

"અમારી સૌપ્રથમ Galaxy F seriesના Galaxy F15 5G સાથે અમે અમારા ગ્રાહકોને શક્તિશાળી ડિવાઈસ સાથે સશક્ત બનાવવાની અમારી પ્રતિબદ્ધતા પર ભાર મુકે છે. Galaxy F15 5G અમારી અર્થપૂર્ણ નવીનતાની અડગ નવીનતાને સાર્થક કરે છે, જે વપરાશકર્તાઓને તેમની સંપૂર્ણ તકો શોધી કાઢવા માટે સક્ષમ બનાવે છે,"એમ સેમસંગ ઈન્ડિયાના MX બિઝનેસના વાઈસ પ્રેસિડન્ટ આદિત્ય બબ્બરએ જણાવ્યું હતુ.

"સેગમેન્ટના અસંખ્ય વિશિષ્ટ ફીચર્સ જેમ કે AMOLED ડીસ્પ્લે સાથે એન્ડ્રોઈડ અપગ્રેડ્ઝની ચાર જનરેશન્સ અને સિક્યોરિટી અપડેટ્સના પાંચ વર્ષ સહિત સેગમેન્ટમાં શ્રેષ્ઠ 6000mAh બેટરી સાથે અમે Galaxy F15 5G દ્વારા ખાસ કરીને Gen Z જનરેશન કે જે ઝડપી જીવન જીવે છે તેવા વપરાશકર્તાઓ આનંદ પૂર્ણ અનુભવની ખાતરી રાખીએ છીએ" એમ તેમણે ઉમેર્યુ હતુ.

### ડિઝાઇન અને ડીસ્પ્લે

Galaxy F15 5G પ્રિમીયમ સિગ્નેચર Galaxy દેખાવ, ખુબસૂરત લાવણ્ય અને અદ્યતનતા ધરાવે છે. Galaxy F15 5Gમાં સેગમેન્ટનો વિશિષ્ટ ૬.૫" sAMOLED ડીસ્પ્લે જોવાના તરબોળ અનુભવ પૂરો પાડે છે, sAMOLED ડીસ્પ્લે સાથે ખાસ કરીને ભારે સૂર્યપ્રકાશમાં સોશિયલ મીડિયા ફીડ્ઝ મારફતે સ્ક્રોલીંગ ટેક-સેવી Gen Z અને યુવા ગ્રાહકો માટે એક લહેર સમાન છે. એશ બ્લેક, ગ્રૂવી વાયોલેટ અને જેઝી ગ્રીનમાં ઉપલબ્ધ Galaxy F155G પ્રત્યેક જીવનશેલીને અનુરૂપ થાય તેવી પસંદગી પૂરી પાડે છે.

### બેટરી

ગેલેક્સી હ્ર૧૫ ૫૪ સેગમેન્ટમાં શ્રેષ્ઠ 6000 mAh બેટરી સાથે આવે છે જે તમારા સ્માર્ટફોનને બે દિવસ સુધી પાવર પૂરો પાડે છે, જે વપરાશકર્તાઓને તેમના લોકપ્રિય મનોરંજનની ઉજવણી કરવાની મંજૂરી આપે છે. વધુમાં ૨૫ઉ સુપર ફાસ્ટ ફીચર્સ ડિવાઈસ પુનઃ પાવર પ્રાપ્ત કરે તેની ખાતરી કરે છે, જે આખા દિવસ તમને જોડાયેલા અને ઉત્પાદકીય રાખે છે.

### પ્રોસેસર

સેગમેન્ટના વિશિષ્ટ પ્રભાવશાળી ફીચર્સ સાથે, Galaxy F15 5G મીડિયાટેક ડાયમેન્સિટી ૬૧૦૦ ચિપસેટ દ્વારા સંચાલિત છે, જે જરૂરી કાર્યોને સરળતા સાથે કરવામાં સક્ષમ છે. વધુમાં, તે RAM પ્લસ સુવિધા સાથે આવે છે, જે 12 GB સુધીની વધારાની વર્ચ્યુઅલ રેમ પ્રદાન કરે છે. આ સરળ એપ્લિકેશન કામગીરીને સુનિશ્ચિત કરે છે અને વપરાશકર્તાઓ માટે ઉપકરણની અસંખ્ય કાર્યોની ક્ષમતાઓને વધારે છે.

### કેમેરો

ઝડપી અથવા અસ્થિર હલનચલનથી ઉદભવતા વીડિયોમાં અસ્પષ્ટતા અથવા વિકૃતિ ઘટાડી શકાય તે માટે Galaxy F15 5G વિડિયો ડિજિટલ ઈમેજ સ્ટેબિલાઈઝેશન (VDIS) સાથે 50MP ટ્રિપલ કેમેરા સેટઅપ ધરાવે છે કરે છે. Galaxy F15 5Gમાં ઝડપી અને સ્પષ્ટ સેલ્ફી માટે 13MP ફ્રન્ટ કેમેરા પણ છે.

### Galaxy અનુભવ

Galaxy F15 5G વોઈસ ફોકસ જેવી નવીનતાઓ સાથે ઉપભોક્તાના અનુભવને પુનઃવ્યાખ્યાયિત કરે છે જે ખરેખર આશ્ચર્યજનક અનુભવ માટે બહારના ઘોંઘાટને ઘટાડે છે. Galaxy F15 5G અસંખ્ય આકર્ષકફીચર્સસાથેઆવેછેજેGalaxyઅનુભવનેઉન્નત બનાવે છે. Quick Share ફીચરમાં વપરાશકર્તાઓને તેમના લેપ્ટોપ અને ટેબથી જો તેઓ દૂર હોય તો પણ ગોપનીયતાથી ત્વરીતતથી ફાઈલ, ફોટો અને દસ્તાવેજોને અન્ય ડિવાઈસમાં શેર કરવા માટે સક્ષમ બનાવે છે. વધુમાં Galaxy F15 5G Smart Hotspot ફીચર ધરાવે છે, જે શેર્ડ કનેક્ટીવિટીને પ્રયત્નવિહીન બનાવે છે. આ ડિવાઈસમાં ચિપ લેવલે Knox Vault ચિપસેટનો સમાવેશ થાય છે જે તમારા સંવેદનસીલ ડેટા જેમ કે PINs, પાસવર્ડ્ઝ અને પેટર્નને સુરક્ષિત રાખે તેવી રીતે ચેડા પ્રતિકારક સ્ટોરેજમાં રાખવામાં આવી છે જેથી સોફ્ટવેર અને હાર્ડવેર ધમકીઓ સામે રક્ષણ પૂરું પાડી શકાય.

### ફ્યુચર રેડી

સેગમેન્ટ માટેના પ્રશમ ફીચર્સમાં Galaxy F15 5G એન્ડ્રોઈડ અપગ્રેડ્ઝની ચાર જનરેશન્સ અને પાંચ વર્ષ માટે સિક્યોરિટી અપડેટ્સ મેળવશે, જે વપરાશકર્તાઓ અદ્યતન ફીચર્સને અને ભવિષ્યમાં વિસ્તારિત સુરક્ષાનો લાભ માણે તેની ખાતરી રાખવામાં આવી છે.

### મેમરી, વેરિયાંટ્સ, કિંમત, અપલબ્ધતા અને ઓફર્સ

ત્રણ આકર્ષક કલર્સ જેમ કે – એશ બ્લેક, ગ્રૂવી વાયોલેટ અને ઝેઝી ગ્રીનમાં ઉપલબ્ધ– Galaxy F15 5G બે સ્ટોરેજ વેરિયાંટ્સ જેમ કે 4GB 128GB અને 6GB ૧૨૮જ્મ્માં આવે છે. તે ફ્લિપકાર્ટ, Samsung.com અને પસંદગીના સ્ટોર્સ પર ૧૧ માર્ચથી ઉપલબ્ધ બનશે.

સૌપ્રથમ વખત ફ્લિપકાર્ટ પર Galaxy F15 5G માટે વહેલાસરનું વેચાણ આજથી ૪ માર્ચે, સાંજના ૭ કલાકથી શરૂ થાય છે. જે પભોક્તાઓ વહેલાસરમાં Galaxy F15 5G ખરીદશે તેમને રૂ. ૧૨૯૯નું સેમસંગ ટ્રાવેલ એડેપ્ટર ફક્ત રૂ. ૨૯૯માં મળશે.

# ૯ લાખથી વધુ તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન-સામાન્ય પ્રવાહમાં કુલ ૬.૨૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે : ઋષિકેશભાઈ પટેલ

। ગાંધીનગર, તા.૫ ।

પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે આગામી સમયમાં યોજાનાર ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ અંગે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ની સામાન્ય-વિજ્ઞાન પ્રવાહની તેમજ ગુજકેટની પરીક્ષા શાંતિમય અને પ્રફુલીત વાતાવરણમાં યોજાય તે માટે પરીક્ષા બોર્ડે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. આગામી તા. ૧૧ થી ૨૨ માર્ચ ૨૦૨૪ દરમિયાન ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાઓ યોજાનાર છે જેમાં રાજ્યભરમાં કુલ ૯,૧૭,૬૮૭ વિદ્યાર્થી ભાઈ-બહેનો પરીક્ષા આપશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧,૩૨,૦૭૩ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૪,૮૯,૨૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ ઉપરાંત તા. ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ યોજાનાર ગુજકેટની પરીક્ષામાં ૧,૩૭,૭૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આમ ગુજરાતમાં આગામી ૧૧ માર્ચથી ૩૧ માર્ચ સુધીમાં કુલ ૧૬,૭૬,૭૩૯ વિદ્યાર્થીઓ બોર્ડ-ગુજકેટની પરીક્ષા આપીને પોતાની સફળ કારકિર્દીનો પ્રારંભ કરશે તેમ, લાખો વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતા પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું.

પ્રવક્તા મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, આગામી તા. ૧૧ થી ૨૨ માર્ચ ૨૦૨૪ દરમિયાન રાજ્યભરના વિવિધ ૮૪ ઝોનમાં ૯૮૧ કેન્દ્રો પર ધોરણ ૧૦ની પરીક્ષા યોજાશે. જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં ૫૬ ઝોનમાં ૬૫૩ કેન્દ્રો પર પરીક્ષા યોજાશે. આ ઉપરાંત રાજ્યના ૩૪ ઝોનના ૩૪ કેન્દ્રો પર આગામી તા. ૩૧ માર્ચના રોજ સવારે ૧૦ થી ૦૪ દરમિયાન ગુજકેટની પરીક્ષા યોજાશે.

પ્રવક્તા મંત્રીશ્રીએ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકાની વિગતો જણાવતા



કહ્યું હતું કે, પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થીઓ કોઈપણ પ્રકારની ગેરરીતિ આચરે નહિ અને પ્રમાણિકતાથી પરીક્ષા આપે તે જરૂરી છે. બોર્ડની જાહેર પરીક્ષાના તમામ પરીક્ષા સ્થળો (બિલ્ડીંગો) C.C.T.V. કેમેરાની દેખરેખ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. PATA એપ્લીકેશન દ્વારા પ્રશ્નપત્રોની ઝોનલ કચેરીથી પરીક્ષા સ્થળ સુધી અને પરીક્ષા સ્થળ ખાતે પરીક્ષા ખંડમાં પ્રશ્નપત્ર પહોંચે ત્યાં સુધીનું ટ્રેકિંગ કરવામાં આવે છે. પરીક્ષા સ્થળ કે પરીક્ષા ખંડમાં મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક ગેઝેટ લઈ જવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કેટલાક તત્વો દ્વારા પ્રશ્નપત્ર અંગે સોસિયલ મિડિયામાં ગેરમાર્ગે દેરવાના સમાચારો ફેલાવવામાં આવે છે તેનાથી સૌ વાલીઓ અને વિદ્યાર્થીઓએ સજાગ રહેવું અને અફવાઓ ધ્યાને ન લેવી.

તેમણે કહ્યું હતું કે, મહાનગર પાલિકા વિસ્તારમાં ટ્રાફિકવાળા વિસ્તારોમાં આવવા જવા માટે વિદ્યાર્થીઓએ ઘરથી પરીક્ષા સ્થળનું અંતર અને ટ્રાફિક ધ્યાને લઈને નીકળવું જેથી સમયસર પરીક્ષા કેન્દ્રો પર પહોંચી શકાય. પરીક્ષા સ્થળ ખાતે પહોંચવામાં રસ્તામાં કોઈપણ પ્રકારની સમસ્યા ઉદભવે તો ૧૦૦ નંબર ઉપરથી પોલીસની સહાય મેળવીને પણ પરીક્ષા કેન્દ્રો પર પહોંચી શકાશે. પરીક્ષાઓમાં ગેરરીતિના કિસ્સામાં દોષિત વ્યક્તિને દોષિત ઠર્યેથી ૩ વર્ષ કરતાં ઓછી ન હોય અને ૫ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની સજા અથવા રૂ.૨,૦૦,૦૦૦/- સુધીનો દંડ અથવા બંને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે તેમ, મંત્રીશ્રીએ વિગતો આપતા ઉમેર્યું હતું.

# બિહારના ગયામાં સેનાનું માઈક્રો એરક્રાફ્ટ દુર્ઘટનાનો શિકાર બન્યું

। બિહાર, તા.૫ ।

બિહારના ગયામાં એક મોટો અકસ્માત થયો છે. સેનાનું એક વિમાન અહીં મેદાનમાં પડ્યું હતું. માઈક્રો એરક્રાફટમાં બે પાઈલટ તાલીમ લઈ રહ્યા હતા. બંને પાયલોટ સુરક્ષિત છે. આ ઘટના મંગળવારે સવારે બની હતી. વિમાન બોધગયા બ્લોકના બગદહા ગામમાં પડ્યું છે. પ્રારંભિક તપાસમાં ખુલાસો થઈ રહ્યો છે કે એન્જીન ફેલ થવાને કારણે પંખો અચાનક ચાલતો બંધ થઈ ગયો.

# ઝાલોદ લાયન્સ કલબ સંચાલિત બ્રાઇટ ઇંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા અંગે માર્ગદર્શન આપવામા આવ્યું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૫ ।

આગામી તારીખ ૧૧ થી ગુજરાત બોર્ડની પરીક્ષાનો આરંભ થઈ રહેલ છે. આ પરીક્ષાના આરંભ પહેલા બ્રાઈટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ભણતા દરેક વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું. બાળકો ગભરાયા વગર શાંતિથી પરીક્ષા ખંડમાં બેસી પ્રશ્નો સમજી લખે અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેમજ બોર્ડની પરીક્ષામાં દરેક વિદ્યાર્થીઓ ખૂબ સુંદર પ્રદર્શન કરી પરિવાર, શાળા તેમજ સ્કૂલનુ નામ રોશન કરે તે માટે દરેક વિદ્યાર્થીઓને લાયન્સ ક્લબના પ્રમુખ કૃષ્ણદાસ ખંડેલવાલ તેમજ મંત્રી જવાહર અગ્રવાલ દ્વારા ફૂલગુચ્છ આપી મીઠાઈ ખવડાવી શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

# દાહોદ જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા ઝાલોદ નગરમાં રાહુલ ગાંધીના આગમન પૂર્વે તિરંગા યાત્રા કાઢવામાં આવી



। પંકજ પંડિત ઝાલોદ, તા.૫ ।

આગામી તારીખ ૦૭-૦૩-૨૦૨૪ ગુરુવારના રોજ કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનું શુભારંભ ગુજરાતમાં ઝાલોદ નગર માથી થનાર છે. આ યાત્રાને કોંગ્રેસ પાર્ટી ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં રેલી રૂપે કાઢી રહેલ છે. તેથી આ યાત્રાને આવનાર લોકસભાની ચૂંટણી પૂર્વેની તૈયારી રીતે પણ જોવામાં આવી રહેલ છે.

આગામી તારીખ ૦૭ માર્ચના રોજ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા ઝાલોદ નગરના ઠુઠી કંકાસીયા ચોકડી થી મુવાડા ઝાલા વસૈયા ચોક સુધી કાઢવામાં આવનાર છે. આ તિરંગા યાત્રા દ્વારા રાહુલ ગાંધીના નગર આગમન પહેલા આવકારવા તેમજ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને લોકો ઉત્સાહ પૂર્વક વધાવી ભવ્ય રીતે સફળ બનાવી કોંગ્રેસ પાર્ટીને સાથ સહકાર આપે તેવી અપીલ કરાઈ હતી. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા જે માર્ગ પર નીકળનાર



છે તે માર્ગ પર નગરના લોકોને તેમજ મતદારોમા જાગૃતિ લાવવા તેમજ કોંગ્રેસને સાથ સહકાર આપવા માટેનો હતો. દાહોદ જિલ્લા કોંગ્રેસ સેવાદળ દ્વારા તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. આ તિરંગા યાત્રા દ્વારા કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા અપીલ કરાઈ હતી કે ભારત જોડો યાત્રામાં મોટા પ્રમાણમાં લોકો જોડાઈ કોંગ્રેસ પાર્ટીને સાથ સહકાર આપે તેમજ કોંગ્રેસ પાર્ટીને વધુ મજબૂત બનાવે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારું સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. તમારી સાંજને ઝમકદાર બનાવવા માટે દિવસના ઉત્તરાધર્ધમાં કોઈ જૂના મિત્રની મુલાકાત લો. તમે તમારા બાળપણના સોનેરી સંસ્મરણો યાદ કરીને તેને ફરીથી જીવશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસ પાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. એકાએક થયેલો રોમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. પ્રસ્થાપિત લોકો સાથે તથા એવા લોકો જેઓ તમને ભાવિ પ્રવાહો વિશે માહિતગાર કરાવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. આજે તમે જે લૅક્ચર અને સેમિનારમાં ભાગ લેશો તે તમને વિકાસના નવા વિચારો આપશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે- એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો. બિઝનેસમેન્સ માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. તમારા પ્રિયપ ાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**ન્યૂઝ બ્રિફ**

## આતંકવાદી ષડયંત્રના મામલામાં બેંગલુરુ સહિત ૭ રાજ્યોમાં એનઆઈએના દરોડા

। (એજન્સી) બેંગલુરુ, તા.૫ ।

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ આતંકવાદી ષડયંત્રના મામલામાં બેંગલુરુ સહિત ૭ રાજ્યોમાં દરોડા પડ્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં કેટલાક અજાણ્યા બદમાશોએ બેંગલુરુમાં રાજભવનને ઉડાવી દેવાની ધમકી આપી હતી. જો કે પોલીસે તપાસ બાદ તેને અફવા ગણાવી હતી. આ પછી એનઆઈએએ બેંગલુરુના અડધા ડઝનથી વધુ વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા. એનઆઈએ દ્વારા આતંકવાદીઓ સાથે સંકળાયેલા હોવાની આશંકા ધરાવતા સ્થળોની તપાસ કરવામાં આવી હતી. ગયા વર્ષે ૯ ડિસેમ્બરે મહારાષ્ટ્ર અને કર્ણાટકના અલગ-અલગ વિસ્તારોમાંથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠનના ૧૫ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડ બાદ એનઆઈએની ટીમે મહારાષ્ટ્રના પુણે, મીરા રોડ, થાણે અને કર્ણાટકના બેંગલુરુ સહિત ૪૪ અન્ય સ્થળોએ દરોડા પાડ્યા હતા.

## દરેક વ્યક્તિ એઆઈની મદદથી પ્રોગ્રામર હશે : જેનસેન હુઆંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વિશ્વની સૌથી મોટી ચીપ બનાવતી કંપની એનવીડિયાએ ઓપનએઈની ચેટજીપીટીના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ માટે હજારો એનવીડિયા જીપીયુનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કંપનીના સીઈઓ જેનસન હુઆંગ સમયાંતરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)થી ભવિષ્યમાં થનારા ફેરફારો અંગે ચર્ચા કરતા જોવા મળે છે. તાજેતરમાં તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યમાં એઆઈની મદદથી દરેક વ્યકિત પ્રોગ્રામર હશે અને કોડિંગ શીખવાની જરૂર નહીં પડે. તેમણે વધુમાં જણાવ્યું છે કે આગામી પાંચ વર્ષમાં આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ (એજીઆઇ) સિદ્ધ કરી લેવામાં આવશે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં આયોજિત ઈકોનોમિક ફોરમને સંબોધતા હુઆંગે જણાવ્યું હતું કે આગામી પાંચ વર્ષમાં એઆઈ કોઈ પણ માનવીય પરીક્ષા પાસ કરી શકશે. તેમણે જણાવ્યું હતું કે હાલમાં એઆઈ લિગલ બાર ટેસ્ટ પાસ કરી શકે છે પણ કેટલાક સ્પેશિયલ ટેસ્ટ પાસ કરવામાં તેને તકલીફ પડે છે. એજીઆઈ અથવા આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ કૃત્રિમ બુદ્ધિમતાનું એક કાલ્પનિક સ્વરૂપ છે જેમાં મશીન માનવીની જેમ શીખી અને વિચારી શકે છે. ચેટજીપીટીની લોકપ્રિયતા પછી અનેક ટેક નિષ્ણાતો એજીઆઈની વાત કરતા થયા છે.

### દેશમાં લોકસભાની ચૂંટણીનો જંગ જામી રહ્યો છે

# મોદી સરકારમાં બેકારી વધી, કેન્દ્રની ૧૦ લાખ ખાલી જગ્યા ભરાશે : રાહુલ

### કોંગ્રેસ તેના ઈલેક્શન મેનિફેસ્ટોમાં આ વચનની જાહેરાત કરે એવી શક્યતાઓ જણાઈ રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

સમગ્ર દેશમાં અત્યારે લોકસભા ચૂંટણીનો રંગ જામી ગયો છે. તેવામાં કોંગ્રેસનાં નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બેરોજગારી વધી રહી હોવાના મુદ્દે નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે યુવાનોને યોગ્ય નોકરીઓની તક નથી મળી રહી. તેમણે સોમવારે વધુમાં કહ્યું હતું કે જો રાહુલ ગાંધી સત્તામાં આવશે તો ઈન્ડિયા ગઠબંધન લગભગ ૧૦ લાખ સેન્ટ્રલ ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટની ખાલી જગ્યાઓ ભરશે.

છેલ્લા ૧૦ વર્ષમાં જે વેકેન્સી આવી છે તે બધી ફૂલફીલ થશે એવું તેમણે જણાવ્યું હતું. કોંગ્રેસ તેના ઈલેક્શન મેનિફેસ્ટોમાં આ વચનની જાહેરાત કરે એવી શક્યતાઓ જણાઈ રહી છે. જોકે આના ફાઈનલ ડ્રાફ્ટને પી.ચિદંબરમની આગેવાની વાળી એઆઈસીસી કમિટિ ક્લિયર કરે તેવી સંભાવના જણાવાઈ રહી છે. રાહુલ ગાંધીએ



ટ્વિટ કર્યું એના પડઘા પડી રહ્યા છે. તેમાં તેણે કહ્યું હતું કે દેશના યુવાનો તમે એક વાત નોટ કરી લેજો. નરેન્દ્ર મોદીની નીયત રોજગારી આપવાની છે જ નહીં. નવા પદ પર તેઓ ભરતી કરે એ તો દૂરની વાત રહી પરંતુ તે કેન્દ્ર સરકારની ખાલી પડેલી જગ્યાઓ પર પણ તાળુ લગાવી બેઠા હોય તેવું લાગી રહ્યું છે. જો સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્ર સરકારનાં આંકડાઓ પર નજર કરીએ તો ૭૮ વિભાગોમાં ૯ લાખ ૬૪ હજાર પદો ખાલી છે. મહત્ત્વપૂર્ણ વિભાગોમાં જ જોઈએ તો રેલવેમાં ૨.૯૩ લાખ, ગૃહ મંત્રાલયમાં ૧.૪૩ લખ અને રક્ષા મંત્રાલયયમાં ૨.૬૪ લાખ પદો ખાલી છે. શું કેન્દ્ર સરકાર પાસે આ વાતનો કોઈ જવાબ છે કે નહીં તેવું રાહુલ ગાંધીએ સવાલ કરીને પૂછ્યું હતું. આ સમયે ૧૫ મુખ્ય વિભાગોમાં છે એમાં ૩૦ ટકાથી વધુ પદ ખાલી કેમ છે એ પણ સવાલ ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ ટ્વિટમાં વધુમાં કહ્યું હતું કે ખોટી ગેરંટીઓનો કોથળો લઈને ફરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના જ કાર્યકાળમાં મોટી સંખ્યામાં આટલા બધા ખાલી નોકરીના પદો કેમ ભરી નથી શકતા? પરમેનેન્ટ નોકરીઓ આપવાને બોજ ગણી રહી હોય તેવી ભાજપ સરકાર સતત કેમ કોન્ટ્રાક્ટ સિસ્ટમને પ્રાધાન્ય આપી રહી છે. જ્યાં સુરક્ષા પણ નથી કે સન્માન પણ નથી. રાહુલે વધુમાં કહ્યું કે ખાલી પડેલા પદ દેશના યુવાનોનો હક છે અને અમે આ હકને ભરવા માટે એક શાનદાર પ્લાન તૈયાર કર્યો છે.

### પત્નીને ડબલ ભરણપોષણ ચૂકવવા પતિને આદેશ કર્યો

# બાળકોની સંભાળ રાખવી એ આરામ નથી : કર્ણાટક હાઈકોર્ટ

### પતિ એ આધાર પર ભરણપોષણની રકમ ચૂકવવાનો ઇનકાર કરી શકે નહીં કે તે પાત્ર હોવા છતાં કામ કરવા અને પૈસા કમાવવા માટે તૈયાર નથી






। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કર્ણાટક હાઈકોર્ટે તાજેતરમાં કહ્યું હતું કે બાળકોની સંભાળ રાખવી એ પૂર્ણ સમયની નોકરી છે. કર્ણાટક હાઈકોર્ટે કહ્યું, 'પતિ એ આધાર પર ભરણપોષણની રકમ ચૂકવવાનો ઈનકાર કરી શકે નહીં કે તે પાત્ર હોવા છતાં કામ કરવા અને પૈસા કમાવવા માટે તૈયાર નથી અને પતિ દ્વારા આપવામાં આવેલા ભરણ પોષણ પર જીવવા માંગે છે.' જસ્ટિસ એમ નાગપ્રસન્નાની સિંગલ જજની બેન્ચે હિંદુ લગ્ન અધિનિયમની કલમ ૨૪ હેઠળ તેણી દ્વારા માંગવામાં આવેલા રૂ. ૩૬,૦૦૦ને બદલે રૂ. ૧૮,૦૦૦ આપવાના ટ્રાયલ કોર્ટના આદેશ પર સવાલ ઉઠાવતી મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજૂરી આપી હતી. માસિક ભરણપોષણની રકમ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. મહિલાએ કોર્ટમાં કહ્યું કે તેનો પતિ કેનેરા બેંકમાં મેનેજર છે, તે લગભગ ૯૦,૦૦૦ રૂપિયાનો પગાર મેળવે છે અને તે પૈસા કમાવવા માટે લાયક હતી અને કામ કરતી હતી, પરંતુ તેણે બાળકોની સંભાળ રાખવા માટે તેની નોકરી છોડવી પડી હતી અને તેથી તેણે પૈસા ચૂકવવા પડ્યા હતા.

કોર્ટે આ મામલામાં કહ્યું કે બાળકોની સંભાળ રાખવી એ ફુલ ટાઈમ જોબ છે. તે અસંખ્ય જવાબદારીઓ અને સમયાંતરે જરૂરી ખર્ચાઓથી ઘેરાયેલું છે. પત્ની, એક ગૃહિણી અને માતા તરીકે, ચોવીસ કલાક અથાક મહેનત કરે છે. પતિ હોવાના કારણે, પ્રતિવાદી પત્ની આળસુ છે તેવી દલીલ કરતો જોઈ શકાતો નથી. કોર્ટે કહ્યું કે પહેલા બાળકના જન્મ પછી પત્નીને બાળકની સંભાળ રાખવા માટે નોકરી છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું.

પછી બીજા બાળકનો જન્મ થયો અને તેથી પત્નીએ બાળકોની સંભાળ રાખવા માટે તેની નોકરી સંપૂર્ણપણે છોડી દીધી. "પતિ હોવાના કારણે પ્રતિવાદી એવી દલીલ કરી શકતો નથી કે પત્ની આરામ કરી રહી છે અને બાળકોની સંભાળ રાખવા માટે પૈસા કમાતી નથી. કોર્ટે કહ્યું કે, "પ્રતિવાદી-પતિ દ્વારા કરવામાં આવેલી આવી દલીલો ફક્ત અસ્વીકાર્ય છે, ઓછામાં ઓછું કહેવા માટે, તે વાહિયાત છે."

### ગોલ્ડન-થ્રેડ સાડીમાં ધમાકેદાર ડાન્સ પર્ફોર્મન્સ

# નીતા અંબાણીએ પહેર્યો મોંઘોદાટ પન્નાનો નેકલેસ

### નીતા અંબાણીએ નાના દીકરા અનંતના પ્રી-વેડિંગ ફંક્શન્સના અંતિમ દિવસની ઇવેન્ટ માટે સિલ્વર કલરની કાંજીવરમ સાડી પહેરી હતી

। (એજન્સી) જામનગર, તા.૫ ।

નીતા અંબાણીનું જ્વેલરી કલેક્શન એકદમ એક્સક્લૂઝિવ હોય છે, તેમાં એક ચીજ કોમન હોય છે તે છે એમારલ્ડ માટે તેઓનો લગાવ. મિસિસ અંબાણીની પાસે આ સુપર એક્સપેન્સિવ સ્ટોન્સથી જડેલા એકથી એક ચઢીયાતા જ્વેલરી પીસ છે અને દરેકની ડિઝાઈન પોતાનામાં ખાસ છે. નીતા જો નાના નાના પન્નાથી સજાવેલા હારમાં જોવા મળે છે તો તેઓને એવા નેકપીસમાં પણ જોવામાં આવે છે જેમાં સ્ટોન્સનો આકાર અને શૅપ બિલકુલ સામાન્ય નહતો. અગાઉ ભાગ્યે જ કોઈએ આ પ્રકારનો નેકલેસ પહેરેલો જોયો હશે. મિસિસ અંબાણીને અગાઉ ક્યારેય આટલા મોટા નેકપીસ સાથે જોવામાં નથી આવ્યા. નીતા અંબાણીએ નાના દીકરા અનંતના પ્રી-વેડિંગ ફંક્શન્સના અંતિમ દિવસની ઈવેન્ટ માટે સિલ્વર કલરની કાંજીવરમ સાડી પહેરી હતી. જેને સુંદર જરદોશી એમ્બ્રોયડરીથી સજાવવામાં આવી હતી. આ હેન્ડમેડ સાડીને ડિઝાઈનર મનિષ મલ્હોત્રાએ કસ્ટમ ડિઝાઈન કરી છે અને તેને દક્ષિણ ભારતના સ્વદેશના આર્ટિસ્ટ્સ પાસે હેન્ડલૂમ ટેક્નિકથી તૈયાર કરવામાં આવી છે. આ સાડી સાથે બ્લાઉઝને ડિસન્ટ કટ આપ વામાં આવ્યો હતો. ઉપરાંત આ સાડી પર કરવામાં આવેલી ઈન્ટ્રીકેટ જરદોશી મેચિંગ એમ્બ્રોયડરી કરવામાં આવી છે. આ સિલ્વર સ્ટોન સાડીની સાથે નીતાએ હીરા અને પન્ના જડીત જ્વેલરી પૅર કરી હતી, જે લૂકમાં કોન્ટ્રાસ્ટ એડ કરતા તેને ખુબસુરત બનાવી રહી હતી. ઓવરઓલ અપિયરન્સમાં રૉયલ ટચ એડ કરતા ઘરેણાંમાં સૌથી ખાસ મિસિસ અંબાણીનો હાર હતા, જેમાં નાના નાના ડાયમંડ્સની સાથે મોટાં એમરલ્ડ પણ જોડવામાં આવ્યા હતા. જો કે, સૌથી વધુ ધ્યાન તો વચ્ચે પેન્ડન્ટ તરીકે જડેલા સ્ક્વેર શેપ્ડ પન્નાએ ખેંચ્યુ. તેની સાઈઝ એટલી મોટી હતી કે કદાચ જ કોઈએ આટલી સાઈઝના એમરલ્ડને ક્યારેય જોયો હશે.



**નીતા અંબાણી જ્યારે પણ સાડી પહેરે છે તેઓનો લૂક ગજબ જ લાગે છે**

**નીતા અંબાણીનો હાર તો ખાસ હતો જ, પરંતુ તેઓની બાકીની જ્વેલરીની ડિઝાઇન પણ સ્ટનિંગ હતી. તેઓએ કાનમાં સેટથી મેચ કરતાં સ્ટડ્સ પહેર્યા હતા, જેને ડેલિકેટ ડિઝાઇનથી ડાયમંડ અને એમરલ્ડથી સજાવવામાં આવ્યા હતા. જ્યારે હાથમાં હીરાજડિત ચૂડી હતી જેની વચ્ચે કસ્ટમ મેડ બ્રેસલેટ જેવા કંગન હતા અને તેમાં પણ પન્ના સજાવવામાં આવ્યા હતા. તેઓની આંગળીમાં મોટી ડાયમંડ રિંગ ધ્યાન ખેંચી રહી છે. નીતા અંબાણી જ્યારે પણ સાડી પહેરે છે તેઓનો લૂક ગજબ જ લાગે છે. આ વખતે ભલે તેઓનો નેકલેસ વધુ ધ્યાન ખેંચી રહ્યો હતો પરંતુ તેઓનો ઓવરઓલ લૂક હંમેશાની માફક એલિગન્ટ અને ક્લાસિક ચાર્મ એડ કરી રહ્યો હતો. ટ્રેડિશનને સેલિબ્રેટ કરતાં નીતા અંબાણીએ વિશ્વંભરી સ્તુતિ પર અદભૂત પર્ફોર્મન્સ આપ્યું હતું. આ દરમિયાન ગોલ્ડન થ્રેડ રેડ સાડી અને ચમકદાર ડાયમંડ જ્વેલરીમાં તેઓનો લૂક કોઇ દેવીથી કમ નહોતો લાગતો. નીતા અંબાણીએ આ સ્તુતિની પ્રસ્તૃતિ દરમિયાન તેને ગ્રાન્ડડોટર્સ આધા શક્તિ અને વેદાને સમર્પિત કર્યું હતું અને તમામ યંગ ગર્લ્સ જેઓ ડિવાઇન એનર્જી કેરી કરે છે.**

# બ્રિટિશ કાઉન્સિલે ૨૦૨૪-૨૫ માટે મહિલાઓમાં STEM શિષ્યવૃત્તિ શરૂ કરી

### બ્રિટિશ કાઉન્સિલ અને યુકે યુનિવર્સિટીઓ STEM માં વૈશ્વિક ઓળખ પત્રોને અનુસરવામાં મહિલા સ્નાતકોને ટેકો આપવા માટે સહયોગ કરે છે

। નવી દિલ્હી, તા.૫ ।

બ્રિટિશ કાઉન્સિલ, શૈક્ષણિક તકો અને સાંસ્કૃતિક સંબંધો માટેની યુકેની આંતરરાષ્ટ્રીય સંસ્થા, યુકે યુનિવર્સિટીઓ સાથેની ભાગીદારીમાં, STEM પ્રોગ્રામમાં મહિલાઓ માટે બ્રિટિશ કાઉન્સિલ શિષ્યવૃત્તિ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પ્રતિષ્ઠિત શિષ્યવૃત્તિ યુકેમાં તેમના સ્નાતકોત્તર કરવા ઈચ્છતી મહિલા STEM સ્નાતકો માટે ડિઝાઈન કરવામાં આવી છે.

વિવિધતાને પ્રોત્સાહન આપવા, પરિપ્રેક્ષ્યની શ્રેણીની ખાતરી કરવા અને નવીનતા ચલાવવા માટે STEM ક્ષેત્રોમાં મહિલાઓની હાજરી આવશ્યક છે. તેમની હાજરી માત્ર લિંગ અસમાનતાને સંબોધિત કરતી નથી પરંતુ સમાજના લાભ માટે આખરે વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિને આગળ વધારીને અનન્ય કૌશલ્ય સાથે કાર્યબળને પણ સમૃદ્ધ બનાવે છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ ૨૦૨૩ અનુસાર, ભારતના STEMમાં મહિલાઓનો હિસ્સો ૨૭% છે. કાર્યબળ ભારતમાં STEM સ્નાતકોમાં મહિલાઓ લગભગ ૪૩% છે તે ધ્યાનમાં લેતા આ એક નાનો અપૂર્ણાંક દર્શાવે છે.

૨૫ શિષ્યવૃત્તિઓ ભારત અને અન્ય દક્ષિણ એશિયાના દેશોની મહિલા STEM વિદ્વાનો માટે આરક્ષિત છે. આ યુકેની પાંચ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં છે - લંડનની ક્વીન મેરી યુનિવર્સિટી, એંગ્લિયા રસ્કિન યુનિવર્સિટી, ગ્રીનવિચ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ સાઉથમ્પ્ટન અને કોવેન્ટ્રી યુનિવર્સિટી. આ શિષ્યવૃત્તિ લાભાર્થીઓને STEM માં તેમની કારકિર્દી આગળ વધારવા અને સંશોધન ચલાવવાની તેમની ક્ષમતાને સરળ બનાવશે. યુકેના પ્રતિષ્ઠિત STEM ક્ષેત્રોની કુશળતામાં તેમને નિમજ્જિત કરીને તેમના વતનમાં નવીનતા. યુકે હાલમાં વિશ્વમાં ત્રીજું સ્થાન ધરાવે છે, જેમાં યુકેના તમામ પ્રકાશનોના ૫૫.૨% આંતરરાષ્ટ્રીય સંશોધન સહયોગનું ઉત્પાદન છે.

## વિશેષ

### સાયન્સ કાર્નિવલમાંથી અમને સૌને પ્લાસ્ટિકના ઓછામાં ઓછા ઉપયોગ અને પર્યાવરણની જાણવણીની પ્રેરણા-વિદ્યાર્થીની વિશ્વા ઠાકોર

# પાંચ દિવસીય સાયન્સ કાર્નિવલ વિદ્યાર્થીઓ માટે કારકિર્દીની દીવાદાંડી બન્યો

### એક્વાટિક અને રોબોટિક્સ ગેલેરી, એમ્ફીથિએટર, વિજ્ઞાનભવનમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ હોંશેહોંશે જોડાયા

ગુજરાત સાયન્સ સિટી ખાતે ગુજકોસ્ટના સહયોગથી યોજાયેલા પાંચ દિવસીય સાયન્સ કાર્નિવલ-૨૦૨૪નું રંગેચંગે સમાપન થયું છે. 'વિકસિત ભારત માટે સ્વદેશી ટેક્નોલોજી'ની થીમ સાથે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૮ ફેબ્રુઆરીથી સાયન્સ કાર્નિવલ-૨૦૨૪નો પ્રારંભ થયો હતો. પાંચ દિવસ દરમિયાન સાયન્સ કાર્નિવલમાં જુદા જુદા STEM ( સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) વિષયક મોડેલ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેના માટે વિજ્ઞાન ભવનમાં ૫૦થી વધુ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા.આ પ્રદર્શનોમાં ઈસરો, ઈન્સ્ટીટ્યુટ ફોર પ્લાઝમા રિસર્ચ, રમન સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફાઉન્ડેશન, GBRC, સિલ્વર ઓક યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, વગેરે જેવી સંસ્થાઓએ ભાગ લીધો હતો.મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓએ આ પ્રદર્શનોની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત પાંચ દિવસ દરમિયાન પોપ્યુલર સાયન્સ લેક્ચર્સ અને વર્કશોપ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ લેક્ચર્સમાં નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને સમાજ જીવનમાં વિજ્ઞાનના મહત્વ અને ઉપયોગિતા અંગે સમજ આપી હતી. જુદા જુદા વર્કશોપ્સમાં વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાનના





સિદ્ધાંતો વડે રમતગમત માટે ઉપયોગી વસ્તુઓ કઈ રીતે બનાવી શકાય તે શીખવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ઉપરાંત જુદી જુદી ગેલેરીમાં પણ ક્વિઝ અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સહભાગી થયેલા વિદ્યાર્થીઓએ ગુજરાત સાયન્સ સિટીની એક્વેટિક ગેલેરી, રોબોટિક્સ ગેલેરી જેવી વિવિધ ગેલેરીઓની મુલાકાત પણ લીધી હતી. એક્વેટિક ગેલેરીમાં તેમણે દેશ વિદેશની વિવિધ પ્રજાતિની માછલીઓ નિહાળી હતી.

જ્યારે રોબોટિક્સ ગેલેરીમાં તેમણે માનવ જીવનમાં વિવિધ ક્ષેત્રે ઉપયોગી રોબોટ્સ વિશે જાણકારી મેળવી હતી. સાયન્સ કાર્નિવલ દરમિયાન સમગ્ર રાજ્યના જુદા જુદા જિલ્લાની શાળાના હજારો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમના માટે સાયન્સ સિટી તરફથી જમવાની તેમજ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. દેત્રોજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી વિશ્વા કૌશિકભાઈ ઠાકોરે સાયન્સ કાર્નિવલની મુલાકાત લીધા બાદ પ્રતિભાવ આપતા જણાવ્યું હતુ કે, સાયન્સ કાર્નિવલમાંથી અમને સૌને પ્લાસ્ટિકના ઓછામાં ઓછા ઉપયોગ અને પર્યાવરણની જાણવણીની પ્રેરણા મળી છે. જેને જીવનભર જાળવીશું. ૩ માર્ચે સાયન્સ કાર્નિવલનું સમાપન થયું. આ દરમિયાન જુદા જુદા વર્કશોપમાં સહભાગી થયેલા વિદ્યાર્થીઓ તેમજ પ્રદર્શન કરનારી સંસ્થાઓના સંચાલકો અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આમ સરવાળે પાંચ દિવસનો સાયન્સ કાર્નિવલ સફળ રહ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### CCEની પરીક્ષા માટે અલગથી તારીખ આપવાનો નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. વાત જાણે એમ છે કે, હવે કેટલાક ઉમેદવારો માટે CCEની પરીક્ષા માટે અલગથી તારીખ જાહેર કરવામાં આવશે. વિગતો મુજબ જો પરીક્ષાની તારીખે ઉમેદવારના લગ્ન, પ્રસૂતિ કે અન્ય કોઈ પરીક્ષા હશે તો અલગ તારીખ અપવાનો નિર્ણય કરાયો છે. જેના માટે ઉમેદવારે ૧૨ માર્ચ પહેલા સોગંધનામા અને આધાર-પૂરાવા સાથે રજૂઆત કરવી પડશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મડળ દ્વારા જાહેરાત ક્રમાંક ૨૧૨/૨૦૨૩૨૪ ગુજરાત ગૌણ સેવા ક્લાસ ૩ની ગ્રુપ છ અને Bની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત કુલ ૫,૫૫૪ જગ્યાઓ પર સીધી ભરતીની જાહેરાત કરાઇ છે. આ માટે ઉમેદવારો પાસેથી ૪ જાન્યુઆરી ૨૦૨૪થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન OJAS વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. જેની CCEની પરીક્ષા તારીખ તા. ૧ એપ્રિલ ૨૦૨૪થી તા. ૮ મે ૨૦૨૪ દરમિયાન પ્રતિદિન ચાર સેશનમાં CBRT પદ્ધતિથી આયોજન કરવામાં આવી છે.

### વડોદરા ફાયર વિભાગ માટે મગાવાયુ હાઇટેક મશીન

। (એજન્સી) વડોદરા, તા.૫ ।

વડોદરામાં એક નવું આધુનિક મશીન આવ્યું છે. જે સૌથી ઊંચી જગ્યાએ પણ આગ લાગે અથવા કોઈ હોનારત સર્જાય તો આગ બુઝાવવા અને રેસ્ક્યું કરવા માટે સક્ષમ છે. આ નવું હાઈડ્રોલિક એલિવેટર પ્લેટફોર્મ છે, આ મશીન ૨૫ કરોડ રુપિયાના ખર્ચે વસાવવામાં આવ્યુ છે. આગ લાગે અથવા કોઈ કુદરતી હોનારત થાય ત્યારે ફાયર વિભાગ યાદ આવે છે, પરંતુ ફાયર વિભાગને સક્ષમ તેના આધુનિક સાધનો બનાવતા હોય છે. વડોદરા મહાનગરપાલિકનું ફાયર વિભાગ હવે વધુ હાઈટેક બન્યું છે. ઉંચી ઉંચી ઈમારતોમાં જો આગ લાગે અથવા કોઈ હોનારત સર્જાય તો ફાયર ફાઈટરો તાત્કાલીક મદદ પૂરી પાડી શકે તે માટે હવે એક નવું આધુનિક મશીન વસાવ્યું છે. CM ભૂપેન્દ્ર પટેલે વડોદરામાં હાઈડ્રોલિક એલિવેટર પ્લેટફોર્મનું લોકાર્પણ કર્યું. ૨૫ કરોડના ખર્ચે વસાવેલું આ મશીન ખાસ ફીનલેન્ડથી મંગાવાયું છે.

### ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને માહોલમાં ગરમાવો

# અર્જુન મોઢવાડિયા અને અંબરિશ ડેરે કેસરિયો ધારણ કર્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે અને ભાજપે પોતાના પહેલી યાદીમાં ગુજરાતના ૧૫ સહિત ૧૯૫ ઉમેદવારની જાહેરત પણ કરી દીધી છે જ્યારે ગુજરાતમાં કોંગ્રેસની હાલત દિવસેને દિવસે ખરાબ થતી જાય છે. રાહુલ ગાંધીની યાત્રા ગુજરાતમાં પ્રવેશ કરે તે પહેલા જ ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા રાજીનામાં આપી રહ્યા છે અને ભાજપમાં જોડાઈ રહ્યા છે ત્યારે આજે પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર, કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને પૂર્વ ધારાસભ્ય કમલમ ખાતે વિધિવત રીતે ભાજપમાં જોડાયા છે. તેમની સાથે જામનગરના મૂળુ કંડોરીયા પણ ભાજપમાં જોડાયા છે. ત્રણેય નેતાઓએ ભાજપ પ્રદેશ પ્રમુખની હાજરીમાં



કેસરિયો ધારણ કર્યો છે. ભાજપનો ખેસ ધારણ કર્યા બાદ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, '૧૯૪૭માં દેશને આઝાદી મળી તે પહેલા સમગ્ર દેશની જનતા અને નાગરિકો, ક્રાંતિકારીઓ મહાત્મા ગાંધીની આગેવાની હેઠળ એકઠા થયા હતા. તેમાં તમામ વિચારધારાના લોકો હતા. લક્ષ્ય હતું રાજકીય આઝાદીનું. આઝાદી મળી પણ સામાજિક અને આર્થિક આઝાદી મેળવવાની બાકી છે. આજે પણ આપણને આ સપનું અધુંરું દેખાય છે. તે વખતે મહાત્મા ગાંધી અને સરાદાર સાહેબ દેશનું નેતૃત્વ કરતા હતા. આજે નરેન્દ્ર મોદી અને અમિત શાહ દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. વિકસિત ભારતનું સપનું લઈને દિવસ અને રાત જોયા વગર કામ કરી રહ્યા છે.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને અર્જુન મોઢવાડિયાએ કહ્યું કે, 'દેશમાં રાજનીતિમાં કોઈ ઉદ્દેશ સાથે આવતું નથી. વડાપ્રધાન મોદીનો ઉદ્દેશ દેશમાં બદલાવ અને દેશને વિશ્વની મહાસત્તા તરીકે પ્રસ્તાપિત કરીને પાંચ ટ્રિલિયન ડોલરનું સપનું જોયું છે. સામાજિક અને આર્થિક આઝાદીનું સપનું વડાપ્રધાન મોદી જોઈ રહ્યા છે. એ વખતે પણ તમામ સમાજના લોકો સામ્યવાદી પક્ષને બાદ કરતા તમામ વિચારધારાના લોકો એકઠા થયા હતા. આ વખતે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ તમામ પ્રબુદ્ધ નાગરિકો એક થઈને આર્થિક અને સામાજિક બદલાવનું કામ કરે છે.' અંબરીશ ડેરે ભાજપ નો ખેસ પહેર્યા બાદ જણાવ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે વન બુથ ૧૦ યુથ કાર્યક્રમ ચલાવાયો હતો. તેવા સમયે કે જ્યારે મોબાઈલ કેમેરા વાળો ન હતો. તેવા સમયે અમરેલી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે મૂકીને અમરેલીના એકે એક ગામમાં યુવા મોરચાના કામ કરેલું. સ્થાનિક લેવલે અમૂક કાર્યકર્તાઓ સાથે મતભેદ થતા પાર્ટી છોડી હતી. ૨૦૧૭માં કોંગ્રેસે ટિકિટ આપી અને હું ધારાસભ્ય રહ્યો. વ્યક્તિગત ટિપ્પણીથી બચીને બોલવાનો પ્રયત્ન કર્યો.

# કરા સાથે વરસાદથી ખેતીમાં નુક્સાને લઈ ખેડૂતો દ્વારા વળતરની માંગ

। (એજન્સી) ઇડર, તા.૫ ।

કમોસમી વરસાદને લઈ ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસવાને લઈ ખેતી પાકોમાં મોટું નુક્સાન સર્જાયુ છે. ખેડૂતોએ સિઝનમાં કરેલી મહેનત છેક આવીને હવે પાણીમાં ધોવાઈ જવાની સ્થિતિને લઈ મોટું નુક્સાન સર્જાયુ છે. જેને લઈ હવે ખેડૂતો દ્વારા વળતરની માંગ કરવામાં આવી રહી છે. ઉત્તર ગુજરાતમાં શનિવારે કમોસમી વરસાદ વરસવાને લઈ મોટું નુક્સાન ખેતીમાં સર્જાયાના ભીતિ સેવાઈ રહી છે. કમોસમી વરસાદ અનેક વિસ્તારોમાં કરા સાથે વરસ્યો હતો. જેને લઈ ઉભા પાકનો સોથ વળી ગયાના દ્રશ્યો અનેક વિસ્તારોમાં ખેતરમાં જોવા મળી રહ્યા છે. આ દરમિયાન ઈડરના સ્ન્છ અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ રાજ્યના કૃષિ પ્રધાનને પત્ર લખીને નુક્સાન વળતર માટે રજૂઆત કરી છે. સાબરકાંઠાના ઈડર અને વડાલી વિસ્તારમાં પોણા ઈંચ કરતા વધારે વરસાદ કરા સાથે વરસ્યો હતો. કરાને લઈ વિસ્તારમાં ખેતરો અને રસ્તાઓ પર સફેદ ચાદર છવાઈ ગઈ હતી. જેના વીડિયો પણ ખૂબ વાયરલ થયા હતા. જે વીડિયો જોઈને જ વિસ્તારના ખેડૂતોની સ્થિતિ સમજી શકાય એવી હતી.

### પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો

## ગુજકોમાસોલ દ્વારા ઈન્ટીગ્રેટેડ એગ્રો લોજિસ્ટિક પાર્કનું ખાતમુર્હૂત કરવામાં આવ્યુ



। (એજન્સી) મહેસાણા, તા.૫ ।

મહેસાણા શહેરમાં ગુજકોમાસોલ દ્વારા ઈન્ટીગ્રેટેડ એગ્રો લોજિસ્ટિક પાર્કનું ખાતમુર્હૂત કરવામાં આવ્યુ છે. રાજ્યના પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પાલવાસણા નજીક ગુજકોમાસોલ દ્વારા લોજિસ્ટિક પાર્કનું ૬૫ કરોડ રુપિયાના ખર્ચે નિર્માણ કરવામાં આવનાર છે. મહેસાણાના પાલાવાસણા નજીક ગુજકોમાસોલ દ્વારા ઈન્ટીગ્રેટેડ એગ્રો લોજિસ્ટિક પાર્કનું નિર્માણ કરવામાં આવનાર છે. આ માટે ગુજકોમાસોલ દ્વારા ૬૫ કરોડ રુપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. ખેડૂતોને જણસનો વધુ સારો ભાવ મળી રહેશે અને એ દિશામાં આ પગલું ભરવામાં આવ્યુ છે. રાજ્યના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીએ ઈન્ટીગ્રેટેડ એગ્રો લોજિસ્ટિક પાર્કનું ખાતમુર્હૂત કર્યુ હતુ.

આ પ્રસંગે મહેસાણાના સાંસદ શારબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ખાતમુર્હૂત કરતા નીતિન પટેલે કહ્યુ હતુ કે, કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા ખેડૂતોને માટે કૃષિ ક્ષેત્રે વિકાસ હાથ ધરાયો છે. ખેડૂતોના લાભ માટે મહેસાણામાં ઉત્પાદથી બજાર સુધીના તમામ બાબતોને લઈ ૩૦૦ કરોડનો પ્રોજેક્ટ પણ શરુ થનાર છે. ગુજકોમાસોલે ખેડૂતોની આવકને બમણી કરવાનું પ્લેટફોર્મ તૈયાર કર્યુ છે. જેની શરુઆત મહેસાણાથી થઈ રહી છે.

# ઝાલોદ ભાજપ મહિલા મોરચા દ્વારા નારી શક્તિ વંદન યાત્રા કાઢવામાં આવી

### બંગાળમાં નારી પર થતા અત્યાચારો સામે મમતા બેનરજી હાય હાયના નારા સાથે વિરોધ કરાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરમાં સરદાર પટેલ ચોક ખાતે આજરોજ ૦૫-૦૩-૨૦૨૪ મંગળવારના રોજ સાંજના ૫ કલાકે નારી શક્તિ વંદન યાત્રા પૂર્વ દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા અને ઝાલોદ ભાજપ શહેર મહિલા મોરચા પ્રમુખ રીટાબેન સોલંકીના નેજાં હેઠળ મોટા પ્રમાણમાં મહિલાઓ ભેગી થયેલ હતી.

આ યાત્રા સરદાર ચોક થી આંબેડકર ચોક સુધી કાઢવામાં આવી હતી. મહિલાઓના ગર્વ અને સ્વાભિમાન માટે વડાપ્રધાન નરેંદ્ર મોદી દ્વારા મહિલાઓ ને ૩૩ ટકા અનામત આપી તેમનું મહિલાઓ ને આત્મનિર્ભર કરવા પ્રયાસ કરાયો તેના ગર્વ રૂપે મહિલાઓ દ્વારા નારી શક્તિ વંદન યાત્રા કાઢવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના નેતા શાહજહાં શેખ અને તેના કાર્યકર્તાઓ દ્વારા હિન્દુ આદીવાસી મહિલાઓ પર કરવામાં આવેલ અત્યાચાર અને દુરાચાર વિરુદ્ધ ઝાલોદ ભાજપ મહિલા મોરચા દ્વારા સરદાર પટેલ ચોક ખાતે બંગાળના મહિલા મુખ્ય મંત્રી જે મહિલા થઈ મહિલા પર થતાં અત્યાચારો જોઈ રહેલ છે તેથી મમતા બેનરજીનો હુરિયો બોલાવવામાં આવેલ હતો. મહિલા થઈ મહિલાને ન સમજી શકે તેવા મુખ્યમંત્રી તાત્કાલિક રાજીનામું આપે તેવી પણ માંગ કરવામાં આવી હતી.

# રેલવે સંરક્ષામાં ઉત્કૃષ્ટ કામ બદલ આઠ રેલવે કર્મચારી સન્માનિત



। અમદાવાદ, તા.૫ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ ઉપર મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ મંડળના ૦૮ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં ઉત્કૃષ્ટ કામ અમલીકરણ માટે સન્માનિત કર્યા. આ રેલવે કર્મચારીઓને ડ્યુટી દરમિયાન તેમની સજાગતા અને સતર્કતાને લીધે અણગમતી ઘટનાઓને રોકવામાં તેમના ફાળા બદલ પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કર્યા.

સિનિયર મંડળ સંરક્ષા અધિકારી શ્રી રાકેશ કુમાર ખરાડીએ માહિતી આપતાં જણાવ્યું કે સર્વ શ્રી કુવરજી ઠાકોર ફિટર – મહેસાણા, કમલેશ ચાવડા સહાયક લોકો પાયલોટ – અમદાવાદ, અનૂપ સિંહ યોગી – ટ્રેન મેનેજર – ગાંધીધામ, અજય કુમાર સ્ટેશન માસ્ટર – વટવા, મોહિત કુમાર યાદવ, સ્ટેશન માસ્ટર – આંબલીરોડ, શૈલેશ કુમાર સ્ટેશન માસ્ટર – મુન્દ્રા એરપોર્ટ રોડ, શ્રી પ્રમોદ કુમાર, પોઈન્ટ્સ મેન – વસઈ તીર્થ રોડ અને બાબુલાલ મીણા, પોઈન્ટ્સ મેન – વટવાને પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કર્યા. સન્માનિત કર્મચારીઓએ રેલવે સંરક્ષામાં જેવી કે ઓપરેટિંગ હેન્ડલ બહાર લટકેલું મળવું, બ્રેક બ્લોક જામ, ટ્રોલી વ્હીલનો કન્ટ્રોલ આર્મ નટ લૂઝ મળવો, વ્હીલ ફ્લેટ ટાયર મળવું, બ્રેકવાનથી અસાધારણ ધ્વનિ સાંભળવી, હેગિંગ પાર્ટ દેખાવું અને ટ્રેન પસાર થતી વખતે દુર્ગંધ આવવી વગેરે ક્ષતિ મળવા પર તાત્કાલિક કાર્યવાહી કરને અમંગળ ઘટના અને સંભવિત નુકસાનથી બચાવ્યા છે.

મંડળ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ આ સજાગ સંરક્ષા રેલવે પ્રહરીનો ઉત્સાહ વધાર્યો અને કહ્યું કે યાત્રીઓની સંરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારી પોતાની ડ્યુટી દરમિયાન સજાગતા અને સતર્કતાથી કામ કરે છે તેનાથી અમને સેફ ટ્રેન સંચાલનમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

### ભાજપ દ્વારા કર્મચારીઓને છાવરીને ભષ્ટ્રાચારને ઉત્તેજન આપી રહ્યા : શહેજાદ ખાન

# એસ્ટેટ, ટી.ડી.ઓ વિભાગના અધિકારીઓ વિરુધ્ધ અનેક ફરિયાદ હોવી છતાં કોઇ કાર્યવાહી નહિ

। અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોમાં અને પ્રોજેક્ટોમાં વ્યાપક પ્રમાણમાં ભષ્ટ્રાચાર ચાલે છે. ખાસ કરીને એસ્ટેટ- ટી.ડી. ઓ. અને ઈજનેર ખાતાની વધુ ફુરિયાદો આવતી હોય છે. કોંગ્રેસ પક્ષ દ્વારા લેખિત તેમજ મૌખિક રજુઆતો કમિશ્નર તથા સત્તાધારી હોદ્દેદારોને કરેલ છે. છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર બાંધકામો વધતાં જાય છે ઈમ્પેકટ ફીનો કાયદો લાવ્યા પછી ગેરકાયદેસર બાંધકામોની સંખ્યા વધતી જાય છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધીમાં કોર્પોરેશના વિજીલન્સ ખાતામાં એસ્ટેટ, ટી.ડી. ઓ. વિભાગના વિવિધ અધિકારી વિરુધ્ધ ૭૮૧ ફરિયાદો થઈ હતી છે. ૨૭૭ જેટલી ફરિયાદો કોઈ પણ જાતની કાર્યવાહી કર્યા વિના ખાતામાં મોકલી દઈ તેના પર ઢાંકપિછોડો કરવામાં આવી તદુપરાંત બાકીની ૫૦૪ જેટલી ફરિયાદો પર પણ કોઈ નક્કર કાર્યવાહી થયાનું પણ ધ્યાનમાં આવેલ નથી

ઈમ્પેક્ટ ફી અંતર્ગત સમગ્ર શહેરની ૪ લાખ ગેરકાયદેસર બાંધકામો માંથી ૫૦૪૮૦ અરજીઓ આવેલ છે તે હાલ ૨૮૪૬૩ જેટલી અરજીઓનો નિકાલ હજુ બાકી છે તેમ છતાં એસ્ટેટ, ટી.ડી.ઓ વિભાગ નિષ્ક્રિય છે. તંત્ર અને સત્તાધારી પક્ષ બને બિલ્ડસો સાથે મેળા પીપણા કરી ભષ્ટ્રાચાર આચરે છે. જેનો ભોગ સામાન્ય પ્રજા બને છે. એસ્ટેટ, ટી.ડી.ઓ. ખાતું ગરીબ મધ્યમ વર્ગ પર કાયદાની ખોટી બીક બતાવી પોતાની જોહુકમી કરી દમન કરે છે અને બીજી તરફ મોટા બિલ્ડસો અને જમીન માલીકો દ્વારા થતાં ગેરકાયદેસર બાંધકામ થવા બાબતે આંખ આડા કાન કરી ગેરકાયદેસર બાંધકામ થવાની પ્રવૃતિને ઉત્તેજન આપે છે. અગાઉ તપાસ એજન્સી તરીકે નામ.હાઈકોર્ટ દ્વારા જસ્ટીસ કમલ મહેતા કમિટીની નિમણુંક પણ કરવામાં આવી હતી પરંતુ નઠોર વહીવટીતંત્ર તેને પણ ગાંઠતુ નથી હોવાથી તે કમિટીની કામગીરી મૃતઃપાય થઈ જવા પામેલ છે.

સમગ્ર શહેરમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે જે પરિસ્થિતિ નિર્માણ થવા પામી છે. અધિકારીઓ છાવરવાની નીતી જવાબદાર છે. અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર બાંધકામોમાં ૭ માળની ગેરકાયદેસર બિલ્ડિંગ ઉભી થઈ જાય અને તંત્ર આંખ આડા કાન કરે છે. બાંધકામ થવા બાબતે તંત્રના અધિકારીઓ પણ દોષિત છે. બિલ્ડર્સ અને અધિકારીઓની મીલીભગતને કારણે ગેરકાયદેસર બાંધકામનું સર્જન થાય છે.

કોન્ટ્રાકટરો, બિલ્ડર્સ દ્વારા કોઈ કોર્મશીયલ સેન્ટર, દુકાનો, ફલેટોની સ્કીમો મુકીને તેમાં ગેરકાયદેસર બાંધકામો કરવામાં આવે છે તે મિલકતોનો વેચાણ કરીને તગડો નફો રળીને જતાં રહે છે. પોતાની જીવનભરની કમાણીમાંથી મકાન ખરીદેલ હોય તે મકાન રાતોરાત તોડી નાખવામાં આવે અને લોકો બેઘર થઈ જાય અને અધિકારીઓ તેમજ બીલ્ડસ ભષ્ટ્રાચારના માધ્યમથી નફો રળીને હાથ અધ્ધર કરીને જતાં રહે છે. ટી.ડી.ઓ. ડીર્પાના વિવિધ અધિકારિઓ વિરુધ્ધ આવતી ફરિયાદોને ગંભીરતાથી લઈ તેની સામે કડક કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષની માંગણી છે.

### બે કિલોમીટરના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો

# ગાંધીનગરના કલોલમાં ફરી એકવખત રોગચાળો વકર્યો

।(એજન્સી) ગાંધીનગર, તા.૫।

કલોલમાં પૂર્વ વિસ્તારમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ જોવા મળી રહી છે. આ વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં ૨૬ ફેબ્રુઆરીના રોજ એક જ દિવસમાં ઝાડા-ઊલ્ટીના ૩૬ કેસ નોંધાયા હતા. કલોલ પૂર્વની ૧૫ સોસયટીમાં એક જ દિવસમાં ઝાડા ઉલટીના ૩૬ કેસ નોંધાયા હતા. ત્રણ વર્ષનું બાળક અને ૨૨ વર્ષની યુવતી કોલેરાની ઝપેટમાં આવ્યા છે. ગાંધીનગરના કલોલમાં ફરી એકવખત રોગચાળો વકર્યો છે. જેના પગલે કલોલમાં પૂર્વ વિસ્તારમાં બે કિલોમીટરના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. રોગચાળો વકરવાના પગલે મેડિકલ ઓફિસર્સ,પેરામેડિકલ સ્ટાફ સહિતની ટીમો સર્વેમાં જોતરાઈ ગઈ છે. કલોલમાં પૂર્વ વિસ્તારમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ જોવા મળી રહી છે. આ વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં ૨૬ ફેબ્રુઆરીના રોજ એક જ દિવસમાં ઝાડા-ઊલ્ટીના ૩૬ કેસ નોંધાયા હતા. કલોલ પૂર્વની ૧૫ સોસયટીમાં એક જ દિવસમાં ઝાડા ઉલટીના ૩૬ કેસ નોંધાયા હતા. ત્રણ વર્ષનું બાળક અને ૨૨ વર્ષની યુવતી કોલેરાની ઝપેટમાં આવ્યા છે. જેના પગલે આરોગ્ય તંત્ર દોડતુ થયુ છે. ગત વર્ષે પણ આ જ સમયે કલોલમાં કોલેરાનો કહેર જોવા મળ્યો હતો. આ વખતે ફરી કોલેરા વકરતા બે મેડિકલ ઓફિસર્સ, ૬૪ પેરામેડિકલ સ્ટાફ સાથે ૩૨ ટીમો સર્વેમાં જોડાઈ ગયા છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨